રાજા ભરથરી

પિંગળા—ભેખરે! ઉતારો રાજા ભરથરી.

 મૂલ્ય આઠ આના.

શ્રી પરમાત્મને નમઃ!...ૐ...શ્રી સરસ્વત્યૈ નમઃ!

શ્રી

માલવપતિ–યોગેન્દ્ર

રાજા ભરથરી

યાને

"પ્રેમને ચરણે!"

ધો नैव पश्यति ! कामान्धो नैव पश्यति !

ેન્દ્ર ભર્તૃહરિ.) (પિંગળા.)

પ્રયોજકઃ—

"પુષ્પ."

પ્રકાશકઃ—

રીલાલ અને પ્રાણલાલ બુકસેલર્સ.

"નવજીવન" પુસ્તકાલય.

તાર ઓફિસ સ્હામે–સુરત.

તૃતીયાવૃત્તિ. સંવત્ ૧૯૮૧. સન ૧૯૨૫.

મૂલ્ય રૂ. ૦–૮–૦

સુરત બરાનપુરી ભાગળ ભાજીવાગી પોળમાં શ્રી "અનાવિલ બંધુ" પ્રી. પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપી.

તૃતીયાવૃત્તિ વિષે— બે બોલ.

પરમકૃપાળુ પરમાત્માની અમી નજરથી, અને જનસમાજના અકલ્પિત અગાધ ઉત્તેજને પ્રેરાઇ **"રાજા ભરથરી"** આજે થોડાક સુન્દર સુધારા વધારા સાથે ત્રીજી વાર બ્હાર પડે છે. દ્વિતીયાવૃત્તિ બ્હાર પડયાને ફક્ત ચારજ માસ જેવી ટુંક મુદતમાં તૃતીયાવૃત્તિ થવી, એજ એની લોકપ્રિયતાનુ દર્પણ !

રાજર્ષિ ભર્તૃહરિ! જ્યારે પોતાની નૂતન–પત્ની પિંગળાના પ્રેમમાં મુગ્ધ અને પાગલ બની, એક વનિતાના કૃત્રિમ વ્હાલ અને વચન ઉપર વિશ્વાસ રાખી, સ્ત્રી–ચરિતમાં ફસાઈ, પોતાના વિક્રમ જેવા પવિત્ર, પ્રમાણિક અને વીર બંધુને દેશવટો દે છે,...ત્યારે **પ્રેમાન્धो नैव पश्यति!** એ સૂત્ર સહસા સમજાય છે.

તદ્ અનુસાર જ્યારે કામાંધ અને વિશ્વાસઘાતી રાણી પિંગળા માલવનાથ જેવા ધીર, વીર, અને સાચ્ચા પવિત્ર પ્રેમી ભૂપતિ ભરથરીને તજી, એક નીચ અને નિર્દય એવા અશ્વપાલ સાથે પ્રેમ બાંધી, તેનો માર પણ મુંગે મ્હોડે સહન કરે છે, ત્યારે **कामान्धो नैव पश्यति !** એ વાકયનું રહસ્ય આપોઆપ વર્તાય–ઉકેલાય છે.

રાજા ભરથરી જ્યારે બિલ્વમંગળ, અને તુલસીદાસની માફક કેવળ પ્રેમમાં અંધ હતો, ત્યારે પાપિષ્ઠ પિંગળા...વીર કૂણાલની અપરમા તિષ્યરક્ષિતા અને અર્જુનના રૂપસૌંદર્યે ભાન ભૂલેલી ઉર્વશીની માફક કામમાં અંધ હતી ફર્ક માત્ર એટલોજ કે તિષ્યરક્ષિતા અને ઉર્વશીની મોહાશકતતા તથા પસંદગી પિંગળા કરતાં કંઈક ઉચ્ચતર પાત્રે હતી.

સામાન્યવર્ગ પણ હવેથી આ કાવ્ય–કથાનો છૂટથી લાભ લઈ સમજી શકે એ ઉદ્દેશ લક્ષમાં રાખી ભાષામાં અધિકાંશે, સરળતા તથા માધુર્ય સીંચવામાં આવ્યાં છે.

પ્રભો ! પ્રયોજક તથા પ્રકાશક ઉભય બંધુઓની શુભાભિલાષાઓ પૂર્ણ કરી સદૈવ **સન્માર્ગે પ્રેરે ! એજ** એક માત્ર નમ્ર પ્રાર્થના.

૧૯૮૧ વૈશાખ સુદી પ્રથમા. સાહિત્ય–પ્રેમી "પુષ્પ"

શ્રી

સમર્પણ !

સ્વર્ગસ્થ પરમપૂજ્ય પિતા તુલ્ય,

ઠા૦ વિઠ્ઠલદાસ લાલજી.

મુ૦ ભાવનગર.

આપશ્રીએ મ્હને પોતાના પુત્ર સમાન ગણી મ્હારા ઉપર જે અગણિત ઉપકારો કર્યા છે, તેને અને આપના મ્હારી ઉપરના અનંત પ્રેમને વશ થઇ, આપના ઋણમાંથી અલ્પાંશે મુક્ત થવા ફુલ નહિ ને ફુલની પાંખડી રૂપે આ લઘુ પુસ્તક આપ પરમ કૃપાળુ પિતાતુલ્યના ચરણકમળમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. આપના આજ્ઞાંકિત છોરૂ.

ઠા૦ પ્રાણલાલ જીવણદાસ.

બુકસેલર અને પબ્લીસરના

દંડવત્ પ્રણામ.

પૂર્વ-વૃતાન્ત.

ઉમાપતિ શંકર ભગવાન, કે જે ભોળા મહાદેવને નામે જગતમાં જાણીતા છે, એમના અલૌકિક એવા કૈલાસ ધામમાં નૃત્યકળા, સંગીત આદિ માટે સ્વર્ગની અપ્સરાઓ આવતી હતી. સ્વયં ગૌરીપતિને પણ તાંડવ નામક નૃત્યનો શોખ હતો. એક સમયે કોઇ એક અપ્સરા ઇંદ્ર-ભુવનથી નિકળી કૈલાસ પ્રતિ પગલાં ભરી રહી હતી, એવામાં મધ્ય વાટે ઇંદ્રના સુત સાથે તેનો અચાનક ભેટો થયો. ઇંદ્ર-તનુ અપ્સરા જોઇને નિજ દેહ-ભાન ભૂલી ગયો, અને તેની સાથે તેણે ભોગવિલાસ કર્યો. આમ અધવચ રોકાયાથી અપ્સરાને કૈલાસમાં જતાં નિત્યનિયમ કરતાં તે દિને મોડું થયું. શિવજી ક્રોધે ભરાયા, ને કારણ પૂછતાં અપ્સરાએ અથથી માંડી ઇતિ પર્યંત સવિસ્તર ઘટના નિવેદન કરી. પાર્વતીપતિ ઇંદ્રતનુનો આ અપરાધ ને નિન્દ્ય વર્તન જોઇ ખિજાયા, અને તત્કાળ તેમણે શાપ દીધો કે:—"જાવ એ ગર્દભ થઇને સંસારમાં જીવન ગાળો." સ્વર્ગાધિપતિ ઇંદ્ર કે જે આ સમયે કૈલાસમાં હતો, તે શિવજીને પોતાના પુત્રની ભૂલને માટેના શાપનો અનુગ્રહ કરવા કરગર્યો. અને કહ્યું કે "હે ! પ્રભો એમાં એ નાદાન બાળકનો દોષ નથી, પરન્તુ વાંક જુઓ તો ભલભલાને ભ્રષ્ટ કરનાર મન્મથનો છે." શિવ શાન્ત થયા, અને કહ્યું કે "જો સંસારમાં ગર્દભદેહે રહ્યા છતાં પણ એ સત્કર્મ કરશે, ને હમેશ મ્હને સંભારશે, તો થોડા સમયમાં પુનઃ પાછો પૂર્વ સ્થિતિમાં આવશે." શાપાનુસાર ઇંદ્ર-તનય અવનિતલ ઉપર એક કુંભારને ત્યાં ગધેડો થઇ અવતર્યો. તે હરહમેશ રાત્રે નરદેહ ધારણ

કરતો, અને દિવસે ગર્દભ-દેહમાં રે'તો. એક સમયે રાત્રિએ કુંભાર ઓચિંતો "મ્હારે પરણવું છે." એ શબ્દ સાંભળીને ચમકી ઉઠ્યો. તપાસ કરતાં ગધેડાની જગ્યાએ માનવ દેહને આ શબ્દો પોકારતો જોઈ તે આશ્ચર્ય પામ્યો. ઇંદ્રજીતે ગભરાયલા કુંભારને પોતાની કર્મકથા કહી, "શું કરવુ" તે સૂચવ્યું. બીજેજ દિને કુંભારે પોતાના ગધેડા સાથે તે નગરના રાજાને તેની ત્રણે રાજકુંવરીઓ પરણાવવા કહ્યું. રાજાને કુંભારની વાત પર વિશ્વાસ ન આવ્યો, અને જો એ સાચોજ ઇંદ્ર-કુમાર હોય તો મ્હારા 'નગરનો કોટ કાંચનનો કરે.' એમ કહ્યું. કુંભારે રાત્રે નરદેહધારી ઇંદ્રસુતને એ પ્રમાણે કહ્યું. જેના પ્રત્યુત્તરમાં ઇંદ્રસુતે પાઠવ્યું કે..."રાજાને જઇને કે'જે કે તા'રો એક અનુચર કોટની આસ-પાસ ફરી આવતાંજ તા'રી ધારણા ફળીભૂત થશે. પરંતુ જો તે પાછુ ફરી જોશે, તો કોટ તમામ ત્રાંબાનો થઇ જશે." બીજે દિને ભરી સભામાં કુંભારે રાત્રિની વાત કહી. રાજાજ્ઞાથી એક અનુચર કોટની આસપાસ ફરવા ગયો. પરન્તુ અડધે ફર્યા બાદ "શું થયો હશે?" એ જોવા તેણે સ્હેજ પાછું જોયું, ને કોટ ત્રાંબાનો થઇ ગયો. ત્યારથી તે નગરનું નામ તામ્રવતી ઉર્ફે ત્રાંબાવતી પડયું. જે આજે ખંભાત કે'વાય છે. પોતાની ત્રણે પુત્રીઓને રાજાએ ગર્દભ સાથે પરણાવી, અને જતે દિવસે પુત્રીઓને ગર્ભ રહ્યા. એક રાત્રે પોતાની ગર્દભ-દેહ ધોડારમાં છોડી નરદેહધારી ઇંદ્રસુત ત્રણે સ્ત્રી સાથે વિલાસ કરતો હતો, તે અરસામાં લાગ જોઈ રાજાએ એ ખોળીયું ફૂંકી મૂકયું. એને એમ થયું, જે એ ખોલું બાળી નાખ્યા બાદ એને પુનઃ પ્રવેશવાનું નહિ મળે, અને પછી હરહમેશને માટે નર-દેહમાંજ રહી પોતાની પુત્રીઓ સાથે રાજપાટ ભોગવશે. પરન્તુ "વિનાશકાળે વિપરીત બુદ્ધિ." અનુસાર શાપિત ઇંદ્રતનુ પણ ગર્દભ દેહનું ખોલું સળગતાંજ સળગી જાય

પોતાની પૂર્વાવસ્થા પામી શાપ મુક્ત થયો, અને નગ્ર આખું એ પ્રજળી ગયું. કેવળ જીવ બચાવવા રાજાની ત્રણ ગર્ભવતી પુત્રીઓ નહાસી ગઈ. જ્યાં તેમને અનુક્રમે **વિક્રમ-ભટી-ભર્તૃહરિ** એમ ત્રણ પુત્રો થયા. માતાઓનો વૈકુંઠવાસ થતા તે ત્રણે યોગીઓના આશ્રમે ઉછરી મોટા થયા, અને તેમાંથી પછી ભાગ્યયોગે ભર્તૃહરિ માળવાનો ધણી થયો. આ માલવપતિ ભર્તૃહરિને ત્રણસો સાઠ નારી હતી. જેમાં પિંગળા સૌથી અધિક વ્હાલી, માનીતી ને પટ્ટરાણી હતી. એવું બન્યું કે એક વેળા ભર્તૃહરિની ગેરહાજરીમાં તેણે પોતાના દિયર વિક્રમ પાસે પ્રેમ-યાચના કરી, પરન્તુ વિક્રમે તેને સદ્બોધ દઇ સમજાવી દીધી. હતાશ રાણીએ ઢોંગથી માંડી તો વાળ્યું, પરન્તુ દીલમાં અપમાનનો ડંખ લાગી ગયો. દુર્બોધા નામની દાસીએ રાણીને આગળ જતાં અધમ એવા અશ્વપાલ સાથે કુપંથમાં ઉતારી. વિલાસી ભર્તૃહરિએ રાજ્યપાટ વિક્રમને સોંપ્યાં; અને પોતે ચોવીસે કલાક પિંગળાના અંતઃપુરમાંજ પડ્યો પાથર્યો રે'વા લાગ્યો. થયું એમ કે એક વેળા રાણીના યાર અશ્વપાલને વિક્રમે કંઈ ભૂલને માટે માર માર્યો. તેને માટે તેણે રાણીના કાન ભંભેર્યા. મૂળે રાણી પિંગળા વિક્રમ પર કીધેલા અપમાનનું વૈર વાળવા મથતી હતી, તેમાં આ બનાવે અગ્નિમાં ઘૃતાહુતિની ગરજ સારી. વિક્રમે પોતાના પર બળાત્કાર કર્યો છે, એવું પ્રેમાંધ ભરથરીને ભેરવી નિર્દોષ વિક્રમને દેશનિકાલ કરાવ્યો. એક વેળા કોઇ એક બ્રાહ્મણે રાજાને અમરફળ લાવી સભામાં આપ્યું. યોગી મહાત્માની આ પ્રસાદી આરોગી અમર થવા રાજાએ તે વ્હાલી પિંગળાને આપ્યું. પિંગળાએ હલકા એવા પ્રેમી અશ્વપાલને આપ્યું, ને અશ્વપાલે પોતાની રખાત એવી વેસ્યા કલાવતીને આપ્યું. વેસ્યાને વિચાર થયો કે આ અમરફળ ખાઇને મા'રે સદાને માટે આવો નીચ ધંધો કરવો, એથી તો રૂડું

આ નગરના પ્રજાપાલક ભૂપતિને ચરણે ભેટ ધરવું. વારાંગનાએ ફરીથી એજ ફળ રાજ્ય દરબારમાં લાવી ભર્તૃહરીને ચરણે ભેટ ધર્યું. રાજા વ્હેમાયો, ને છેવટે પિંગળાના ભેદનો ભર્મ ખુલી ગયો. પાપનો ઘડો ફુટતાંજ અશ્વપાલને શહેર બ્હાર કાઢવામાં આવ્યો, ને પ્રેમાંધ એવા રાજાને સંસાર અસાર છે એમ ભાન થયું. કે'વાય છે કે પિંગળામાં મુગ્ધ એવા રાજાએ પોતાની યુવાનીમાંજ શૃંગાર-શતક રચ્યો હોવો જોઇએ. રાજાને આ પછી રાજપાટ પર વિરાગ આવ્યો, ને તે યોગી થઇ ગયો. આ સમયે તેણે વૈરાગ્યશતક રચ્યો. ગુરુ ગોરખનાથની દીક્ષા લઇ એ જીવનભર રાજયોગી રહ્યો. કે'વાય છે કે અમરફળ એ ખાઈ ગયો હતો, જેથી હજુ એ જીવે છે. રાણી પિંગળા પણ આ પછી સુધરી ગઇ, અને અવશેષ જીવન એણે પ્રભુ ભક્તિમાં પસાર કર્યું. માળવાની ગાદી ભાઇની ઇચ્છાથી પછી વિક્રમે ભોગવી.

દંત-કથા.

એક વસ્તુ ઉપર પ્રમાણે છે. તો દ્વિતીય દંતકથા આમ પણ છે. ભર્તૃહરિ પિંગળામાં અત્યંત આશક્ત હતો. એક વેળા તેણે પિંગળા પોતાને સાચા હૃદયથી ચ્હાય છે, કે નહિ ? તે જોવા શિકારેથી પોતાના અનુચર સાથે લોહીવાળાં કપડાંની નિશાની આપી અમંગળ સમાચાર કા'વ્યા, "કે રાજનને જંગલમાં સિંહે ફાડી ખાધા." આ શબ્દો સાંભળતાંજ "હા પ્રાણનાથ !" કરતાં પિંગળા પડી, અને તત્કાળ તેનો પ્રાણ છૂટી ગયો.

(સરખાવો—ગીત ગોવિંદના કર્તા કવિ જયદેવની પત્નીનો પ્રસંગ.) પાછળથી ભર્તૃહરિને આ વાતની ખબર પડતાં આ અસહ્ય આઘાત ન જીરવાવાથી તે રાજ ત્યાગી યોગી થઇ ગયો.

વીણા—વેણી અને લલાટના લેખ.



ભા. ૧-૨ દરેકની કીંમત દસ આના.

[illegible]

માલવપતિ યોગેન્દ્ર
શ્રી
રાજા ભરથરી.

" प्रेमान्धो नैव पश्यति! "

(હરિગીત.)

મનહર મહૂલી શોભતી **સમદ્રષ્ટિ** યોગીરાજની,
વિંધ્યાટવીમાં ! વેદ! શ્રીમદ્‌ભાગવત ! ગીતા–ધ્વનિ.
શિષ્યો ! મુનિ–બાળક બધાં....એ સ્થાનમાં ભણતા હતા,
ગુરુદેવજી આશ્રમ વિષે....નિજ નિત્ય–પૂજામાં હતા.
વિધવિધ સુશોભિત ક્યારીઓ એ આંગણામાં શોભતી !
"**જન્મ્યું જવાનું એક દી** !" ખીલી, ખરી, સંબોધતી.
મઘ મઘ થતી મીઠી પરિમલ દીલને મ્હેંકાવતી,
લીલા અકળ લક્ષ્મીપતિની કલ્પના સ્થંભાવતી.
અણુચિંતવ્યો કંગાલ કો આવી ચઢયો એ સ્થાનમાં,
જ્યારે હતા **સમદ્રષ્ટિ** શ્રી **પરમાત્મન્‌ના** ધ્યાનમાં.
દુર્બળ હતી કાયા શરીરે વસ્ત્ર પૂરાં ના હતાં,
અફસોસ ! આંખોથી અવિરત આંસુડા સરતાં હતાં.
ભૂખ્યો તથા તરસ્યો બિચારો ! છેક વલવલતો હતો,
'પાણી મ્હને કો પાવ ભાઇ !' બોલી ટળવળતો હતો.
કલ્પાંત એ કરુણાભર્યું ! પોકાર પામર જીવનો,
ધ્યાનસ્થ ગુરુ–કર્ણે પડયો....દુઃખી દયામય દીનનો.

તત્ક્ષણ દયાળુ દેવ ! પર × ઉપકાર જેનું ધ્યેય છે,
જેના હૃદયની ભાવનામાં અખિલ જગનું શ્રેય છે.
એ'વા મહાયોગી પૂજા પડતી મૂકી દોડયા ત્યહાં,
નિર્ખી ઋષિને બાપડે ! બે હાથ નિજ જોડયા અહા !

વન્દન કરી પગમાં પડયો....**સમદ્રષ્ટિએ** બેઠો કર્યો,
નિર્મળ પિવાડયું પાણી ! પોતે થાક પળમાં સૌ હર્યો,
આશ્રમ વિષે એ દીનને....પ્રેમે ગુરુ તેડી ગયા,
સદ્ભાગ્ય કે'વું દિવ્ય આ'વા સંતના દર્શન થયા ?

બોલ્યા ગુરુ "બેટા ! કહે કારણ કંઇ કલ્પાંતનું ?
શું દુઃખ એ'વું શિર કે આ'વે અરણ્યે આવવું ?"
મમતાભર્યાં ગુરુદેવનાં આ સ્નેહ-શબ્દો સાંભળી,
કંગાલ કેરી આંખમાં આંસુ ભરાયાં છે વળી.

કરજોડી બોલ્યો બાપડો કરુણાદ્ર ગદ્ગદ્ કંઠથી,
વાણી તૂટક અશ્રુભીની ! હૈયું ભરાતાં સ્થંભતી.
"ગુરુદેવ ! તમને શું કહું ? ત્રિકાળજ્ઞાની આપ છો,
મ્હારા સમા દુઃખી જીવોના....ધર્મના માબાપ છો."

"મસ્તક ઝૂકાવ્યું છે તમારા ચરણમાં મ્હેં પ્રેમથી,
કાપો કૃપાળુ દુષ્ટ ! એ'વાં માત્ર એકજ નેમથી.
ગુરુદેવ ! હું તમ શિષ્ય છું....મ્હારૂં **ધવલપુર** ગામ છે,
છું દ્વિજનો સંતાન ! મ્હારૂં નામ **શાન્તિરામ** છે."

૧૨૧૩ –

"વિદ્યા ભણી તમ આશ્રમે ગૃહસ્થાશ્રમી થઇને રહ્યો,
પણ અન્નનો દુષ્કાળ એ'વો ! જાય ના મ્હોડે કહ્યો.
સંતાન સાથે સુન્દરી ! ભુખ–દુઃખથી રીબાય છે,
દારિદ્રયની દેવી અમારો ગ્રાસ કરવા ન્હાય છે."

"પત્ની અને પુત્રો પ્રભુ ઉપવાસથી અકળાય છે,
કરુણાળુ ! કાપો આ ગરીબી–કષ્ટ ના સ્હેવાય છે.
કલ્યાણકારી જગતના છો આપ ! આવ્યો યાચવા,
નિર્ધનપણાના કષ્ટ તમ નિર્મળ કૃપાથી કાપવા."

બોલ્યા ગુરુ "બેટા ! મ્હને શંકા નથી તુજ વાતમાં,
પણ સર્જવાં શ્રીમાન યા નિર્ધન વિધાતા–હાથમાં.
સુખ–દુઃખ એ ગત જન્મના સારાં નઠારાં કર્મ છે,
સંતોષથી સ્હેવાં સફળ એ ! માનવીનો ધર્મ છે."
"કર્માનુસારે પ્રાપ્ત પ્રાણીમાત્રને સહુ થાય છે,
જે'વાં ઉગાડે વૃક્ષ જે ! તે'વાં ફળો તે ખાય છે.
સંતોષ ! સ્નેહે સેવવું ! જે જે ગમે જગદીશને,
શ્રદ્ધા ! સહનશિલતા ! કરે અમૃત અંતે વિષને."

"શ્રદ્ધા ! સહનશિલતા ! ધીરજ મ્હારી હવે રેંતી નથી,
અકળાઉ છું ! ગુરુદેવ ! હું દુઃખ દેહ આ સ્હેતી નથી,
હું કરગરૂં છું આપને આપો કૃપા–બિન્દુ મ્હને,
ટીપું મહાસિન્ધુ બરાબર ઓ ! દયાસિન્ધુ મને."

"બચ્ચા ! સમજ ! સંસાર સ્ત્રી, *શ્રીમાં અધિક સંતાપ છે,
સંસાર ! સજ્જનને મને તો એક મ્હોટો શ્રાપ છે.
કેશવ કરે તે ઠીક સૌ ! એ'નો નહિ ઉપાય છે,
નિષ્પક્ષપાતી ×ધર્મનો ! નિર્મળ નિરંતર ન્યાય છે."
"સુખમાં ! ભલા ! ભગવાનની ભક્તિ ! પૂજા ભૂલાય છે,
દુઃખમાંજ દીનદયાળનું શુભ નામ સંભારાય છે.
સુખમાં છકી જઈ ધર્મ, નીતિ વેગળે મૂકાય છે,
દુઃખમાં થતું ભગવદ્–સ્મરણ ! નર ! પૂણ્યશાળી થાય છે.
"માટે ભલા બ્રાહ્મણ ! તજી દે મોહ ધન ને ધામનો,
શ્રીનો અને સંસારનો નહિ ! ભક્ત થા શ્રી રામનો."
"સોનેરી વચનામૃત તમારાં ! તદપિ ગુરુ ભાવે નહિ.
સંન્યાસ સારો ધ્યાનમાં સંસારથી આવે નહિ."
"માટે ગુરુજી ! હાલ તો મમ યાચના છે એટલી,
અભિલાષ મ્હારા ઉરની પૂરો ! કહુંછ ફરી ફરી."
"ગાંડા ! અરે ગાંડા ! જુએ છે ઝુંપડી આ ત્યાગીની !
આશા કહે કયાંથી ફળે ? અહીંઆ પછીથી રાગીની ?"
"સાધુ–જીવન જ્યાં ગાળીએ ? ફળ મૂળથી ગુજરાન છે,
ત્યાં બ્રહ્મને ભૂલાવનારી લક્ષ્મીનું શું કામ છે ?
આશા અહીં ત્હારી કદાપી દુન્યવી તો નહિ ફળે,
મળશે બધું બીજું તથાપી એક ! પૈસો ! નહિ મળે."

* લક્ષ્મી. × ધર્મરાજ.

આ શબ્દ સુણતાં વારને બ્રાહ્મણ-હૃદય ભાંગી ગયું,
ફેરો અફળ મ્હારો ગયો....હતભાગ્યનું કૈં ના વળ્યું.
એ સંત દીનદયાળુને ચરણે પુનઃ લેટી પડયો,
'કરુણા કરો દીન દાસ પર! કંઇ પણ!' કહી પુષ્કળ રડયો.

"છો! આપ સંત સમર્થ! શું ના થાય સ્વામી આપથી?
તારો દયાસાગર! ત્રિવિધ સંસારના સંતાપથી."
દિલડું દયામય સંતનું સંસારમાં કે'વાય છે,
આપત્તિ જોતાં અન્યની પળમાંહી પલળી જાય છે.

પિગળ્યું હૃદય સમદ્રષ્ટિનું! કરુણા હૃદયમાં ઉદ્ભવી,
ફળ એક નિજ ઝોળી વિષેથી બ્હાર કાઢયું સાચવી.
એ હાથથી બેઠો કરી ચરણે પડેલા દ્વિજને,
ફળ આપતાં બોલ્યા પ્રભુ! "**ઈશ્વરકૃપાથી સૌ બને.**"

"આનું અમરફળ નામ! **શાન્તિરામ**! ગોખી રાખજે,
અવિનાશી થાવા ચ્હાય તો! આનન્દથી એ ચાખજે.
આ ફળ તણા આરોગનારા અમર નક્કી થાય છે,
યુગયુગ વીતે! તદપિ ન વય કે રૂપ કંઈ બદલાય છે."

"ઈચ્છા ત્હને જો હોય તો આ અમરફળ આરોગજે,
નહિ તો જઈ, લક્ષ્મી લઈ, કો રાજવીને વેચજે.
દારિદ્રયનું સૌ દુઃખ ત્હારૂં એ પલકમાં ટાળશે,
આયુષ્ય તુજ અવશેષ! સુખ-આરામ-ચ્હેને ગાળશે."

કરજોડીને વન્દન કરી ! ફૂળ હોંસથી લીધું અહા !
દીધો શુભાશિર્વાદ "મંગળ થાવ" ગુરુદેવે જયહાં.
હૈયે સમાયે હર્ષ ના ! હાંફે ! અતિ શ્વાસે ભર્યો,
ફળ મેળવી કંગાલ **શાન્તિરામ** ! નિજ મંદિર ફર્યો.

ગંગા ગૃહીણી સાધવી સન્નાર ને સમજુ બહુ,
તેને સવિસ્તર **શાન્તિરામે** વાત આવી કહી સહુ.
સવિનય કહ્યું તેણે પતિને "પ્રાણવલ્લભ ! સાંભળો,
આ દિવ્યફળ લઈને પ્રભુ ! દરબારને પંથે પળો."

"**માલવપતિ ભર્તૃહરિને** ! ભેટ જઇને આપજો,
કે'જો "સ્વિકારી રાજ આ ! દારિદ્રય મ્હારૂં કાપજો."
સ્ત્રીની સલા' સસ્નેહ સ્વામી **શાન્તિરામે** સાંભળી,
ચાલ્યો અમરફળ આપવા....**માલવપતિ**–મ્હાલય ભણી.

* * * *

ઉજ્જયિની નગરી જે **અવન્તિ** હાલમાં કે'વાય છે,
ત્યાં આણુ **રાજા ભરથરીની** આ સમય દેવાય **છે.**
નૃપાળ નીતિ ન્યાયમાં ખામી નહિ રાખે જરા,
શાણા સચીવો ! શૂર સરદારો ! બધાંય કહ્યાગરા.
પણ **પિંગળા** રાણી નવીના પ્રેમને સૌંદર્યમાં,
નિજ ભાન ભુલ્યો **ભરથરી** ! માયાવી એ માધુર્યમાં.
નિજ ભાઇ ન્હાનાને સકળ સત્તા સમર્પિ રાજની,
રે'તો પડયો ને પાથર્યો રણવાસમાં પાગલ **બની.**

વિક્રમ મહા શૂરવીર, નીતિ, ન્યાય પંથે ચાલતો,
નિજ ભાઈના સૌ રાજકાજો ધ્યાનથી સંભાળતો.
જીત્યો પ્રજાના પ્રેમને....નિજ નિર્મળા ચારિત્ર્યથી,
ખેંચ્યા હૃદય સરદારના ! શુભ વર્તને ! પોતા પ્રતિ,

માલિનીઃ—(વચન સર્વ સાચાં વિક્રમા ! બંધુ ત્હારાં-રાહ)

ભરથરી ભૂપ જ્યારે...પિંગળા ! રાણી સાથે,
રતિ-રસ બસ લૂંટે...સ્નેહ-સૌંદર્ય ઘાટે.
પ્રતિ પળ પળ જોતો ! પિંગળા સ્વપ્નમાંયે,
ક્ષણ પણ વિરહ અરે ! ના પ્રિયાનો સ્હવાયે.

શિખરિણિઃ-(પ્રભો ! અંતર્યામિ જીવન જીવના દીન શરણા-રાહ.)

કટાક્ષો કાન્તાના ! હૃદય-દુરગો કૈંક કોરે,
શશીવદનો સુન્દર ! મનુજ-ચિતડાં ખૂબ ચોરે.
બન્યો ગાંડો રાજા ! સ્વરૂપ નવી-રાણીનું નિરખી.
ગઈ શુદ્ધિ ! બુદ્ધિ! "નયન" પડતાં પ્રેમ-ભુરકી.

પ્રેમાંધ એવો **ભરથરી** વિક્રમ તણી વિનતી થકી,
દરબારમાં આજે પધાર્યો'તો અતિશય ઠાઠથી.
સોના તણો ઉગ્યો સુરજ સહુને મને દરબારમાં,
આનન્દ ! હર્ષ ! તણા પૂરો ! ઉછળી રહ્યા સરદારમાં.
કવિ ! ભાટ ! મંગળમય કવે ઉત્સવ રુડા ઉજવઇ રહ્યાં,
દરબારગઢના આંગણાં પાવન પુનિત પગલે થયાં.
શોભા અનૂપમ આજ શી ? મનમુગ્ધ ઉભરાતી હતી,
કો ગાયિકા મંજુલ સરોદે....નૃત્ય સહ ગાતી હતી.

રાધાઃ—મસ્તી કરે ! શું આ'વી ? કહ્નૈયા મસ્તી બળી શું આ'વી ?
જાવા દે ઝટ ! પનઘટ રોકી ! શીદ ઉભો વનમાળી ?
સહીઅર મ્હારી પૂંઠે આવે...હસી હસી લેશે તાળી...કહ્નૈયા.
ભાર બહુ માથે બેડાંનો...ખોટી કરે શું ધારી ?
કૃષ્ણ પજવણી નિત્ય કરે તું...હું તો હવે બા હારી...કહ્નૈયા.


શ્રીકૃષ્ણઃ-નિર્મળ યમુના-જળ ભરનારી...નિર્મળ ત્હારી વાંણી,
ઉભી રહે અલી ! રાધે જરી તું...પીવું મ્હને છે પાણી.
રાધે ! સમજી કે નહિ શાણી ?
લાવ ઉતારૂં ઘડુલો ત્હારો...ઓ રાધે પનિહારી...
બંસી બજાવું...થોભ જરા તું...પેટ ભરી પા વારી...રાધે...

રાધાઃ—સમજી ! બધાં એ ચાળા તમારાં...મનસુબો ગઇ જાણી...
આઘા રહો ! અડશો મા ! અમને...મોંઘેરા અમ પાણી...કહ્નૈયા.

શ્રીકૃષ્ણઃ-મોંઘા તમારાં પાણીડાના...મૂલે મોંઘા દઇશું...
માગ ગમે તે ! મોઢે રાધા ! પણ લઇશું તે લઇશું !...રાધે...
છેવટ હારી ! રાધે બિચારી ! પોતે પાણી દીધાં,
મોરલીમાં મધુસૂદનજીએ......ઝીલી પીધાં...પીધાં......
એ તો ઘડી ભર ગમન ઝમાવી.
યમુના-તીરે કૃષ્ણ—મુરારી પનઘટ રોકી ઉભા,
મસ્તી—મધુરી " પુષ્પ " કરીને પજવી ભોળી રાધા...
હોજો ! એ'વી **મધુરી-મસ્તી.**

મંદાક્રાન્તાઃ—[તે પંખીની ઉપર પથરો...રાહ]
આ'વી આ'વી મધુર ગમતો થૈ રહી છે સભામાં,
દેવી શોભા ! ઝગઝગી રહી ! પૂછવું શું પ્રભામાં ?

રાજા ભરથરી પિંગળાને ફીટકાર આપે છે.



ધિક્કાર મ્હારી માતને, ધિક્કાર મ્હારા તાતને:
ધિક્કાર મ્હારા સાથને. ધિક્કાર મ્હારી જાતને.

વિદ્વાનો ને કવિગણુ વિષે વાદવિવાદ ચાલે,
રાજા રીઝે ! કઇ રીતિ વડે ! એજ સૌ ધ્યાન આલે.

ઉપજાતીઃ—[કેરી ભરેલી રસથીજ સારી–રાહ.]

એવે સભામાં પ્રતિહાર આવ્યો,
"આજ્ઞા" પ્રભુ ! કિંકર અર્જ લાવ્યો.
ભૂદેવ કંગાલ બહાર કો છે,
શ્રીમાનને જે મળવા ચહે છે.

(હરિગીત)

આજ્ઞા થતાં રાજેન્દ્રની સહુ નૃત્યગાન શમી ગયાં,
પરિચારકો, પરિચારિકા, ગાનારી સ્વસ્થાને ગયાં.
ન્હાના વિધિ વાજીંત્ર તાલ મૃદંગ બંધ બધા થયાં,
જિજ્ઞાસુ ડોળા સર્વના દરબાર–દ્વાર પ્રતિ વળ્યાં.

વસંત તિલકાઃ–(નિદ્રા મહીં નહિ હતું તન ભાન જ્યારે–રાહ.)

શાન્તિ સભા સકળમાં પથરાઇ ગૈ છે,
ભૂપાળને પણુ અધીરઇ ખૂબ થૈ છે.
સન્માનથી ! દ્વિજ ! નિશંક પ્રવેશવા દયો !
પૂજા પ્રબંધ તમ શીર અમાત્યજી લ્યો.'

માલિનીઃ— નમન નૃપ કરે સૌ...વિપ્રને તે સમે હા !
ઉઠી જઇ અરપે જ્યાં ભૂપતિયે સ્વજગ્યા.
અરરરર ! વિપ્રો એ...આજ ભિક્ષાર્થ ભટકે,
અધધ અધમ વ્હાલી ! અંતરે ખૂબ ખટકે.

ભુજંગી—(પિતાની કૂહાડી લઇ બાળ ન્હાનો—રાહ)

ગયાં જ્ઞાન ને ભાન વિદ્યા વિવેકો,
રહ્યાં ક્યાંછ પાંડિત્ય ! એ ! નૂર પેખો.
નહિ સ્નાન સંધ્યા પૂંજા કાંઇ જાણે,
ગૂમાવ્યું બધું ! ભીખમાં મોજ માણે.

(હરિગીત)

આવ્યો સભામાં બ્રહ્મ ઉઠી **ભરથરી** સ્હામો ગયો,
એ હાથ જોડી **માળવાનો** ભૂપતિ ત્હેને નમ્યો.
કુમ કુમ લઇ અક્ષત સહે **પૂજા** કરી ચંદ્રક કર્યો,
લીધો સુભાશિર્વાદ દ્વિજના હૃદયનો ! હાષત થયો.
આસન કનકનું આપીને સન્માન સહ બેસાડીયો,
ક્યાંથી પધારો ? પ્રશ્ન પ્રેમે રાજવીએ પૂછીયો.
અથથી ઇતિ ઇતિહાસ **શાન્તિરામ** ત્યાં નિજ કહી ગયો,
"શા કારણે મ્હેં ગૃહ તજ્યું ? શા માટ જંગલમાં ગયો."
"કે'વી રીતે ત્યાં **સદ્‌ગુરૂ સમદ્રષ્ટિના** દર્શન થયા ?
વિસ્તારી હાલ દયાજનક મ્હેં એમને મ્હારા કહ્યા.
આપ્યું **અમરફળ** ! આ રહ્યું ! મહારાજ ! એ સ્વીકારજો,
આરોગી થાવ અમર ! અમારાં દીન–દુઃખ નિવારજો."
લીધું **અમરફળ** રાજવી ! સહુને બતાવી એ રહ્યો,
વસ્તુ અલૌકિક જોઇ નહિ અંજાય એ'વો છે કયો ?
બોલાવી કોષાધ્યક્ષને આજ્ઞા કરી રાજેન્દ્રએ,
કેઃ–"એક લક્ષ સુવર્ણમુદ્રા દાન દયો આ બ્રહ્મને."

નિર્ધનપણું ફીટી ગયું, બક્ષીસ બહૂ મ્હોટી મળી,
આશિષ દઇ પંથે પડયો અભિલાષ અંતરની ફળી.
લઇ અમરફળ મ્હેલે પછી ભૂપાળ ભર્તૃહરિ ગયો,
આરોગવું ! યા ના ? ઉપસ્થિત પ્રશ્ન અંતરમાં થયો.

દૈવી-પ્રસાદી આખરે આરોગવા નિશ્ચય કરી,
લીધી કટારી કાપવા પ્રિય પિંગળા ત્યાં સાંભરી.
"હે પિંગળા ! પ્યારી ત્હને ! વિસરી અહા તદ્દન ગયો,
ભામા મુકી ભરથાર એકલપેટ આજે જો થયો !"
"ઉન્મત્ત યૌવન-પુષ્પ ત્હારૂં સુપ્રફુલ્લિત રાખવા,
નાજુક ધવલ તુજ હસ્તમાં અર્પિશ મધુરસ ચાખવા.
આરોગી એને એકલો હું અમર થઇને શું કરૂં ?
એથી રુડું ખવડાવી તુજને ! જીન્દગી પ્રેમે ભરૂં."

શાર્દુલવિક્રીડીતઃ--[જાણે જે તપ છે એજ છે ધન ખરૂં—રાહ]

પાછું વિંટી રુમાલમાં ભરથરી મ્હેલે જવાને ફર્યો,
'સૌંદર્યે ! તુજ પિંગળા ! નૃપતિને ! પ્રેમાંધ ! ઘેલો ! કર્યો.'
શૃંગારો સજી સોળ રંગભુવને સત્રાજ્ઞી આશા ભરી,
જોતી રાહ અધીર કિન્તુ હૃદયે ! ન્હોતો શ્રી ભર્તૃહરિ.

ઉપજાતિઃ— એ પિંગળા નીચ પંથે પળી'તી,
દુષ્કર્મ કીધું ! નહિં શુદ્ધ રહી'તી-
નેવે મુકી આબરુ, કૂળ નીતિ,
કીધી હતી અન્ય પુરૂષ-પ્રીતિ.

ભુજંગીઃ— હતો યાર ઘોડારમાં નીચ જ્ઞાતે,
પડી પિંગળા પ્રેમમાં તેની સાથે.
લજાવી જનેતા તણી કૂખ ધિક્ઃ !
કયહાં રાજ–રાણી ? કયહાં અશ્વપાલઃ ?

(હરિગીત)

આજ્ઞા કરી છે દાસીને "જા યાર તેડી લાવ તું,
બહુ કામ વ્યાપ્યો અંગમાં જલ્દી જઇને આવ તું.
ચંદન શરીરે ચોપડયું તદપિ શિતળતા થાય ના,
ઉતાવળી જા ! દાસી ! આ બો મદનની જીરવાય ના."
"ખાવું પિવું મનભાવતું ચિત કયાંય પણ ચ્હોંટે નહિ,
કામે કરી અકળાયલી (હું) મુજને કશે ગોઠે નહિ."
આજ્ઞા થકી પરિચારિકા ગઈ યારની ઘોડારમાં,
જે દ્રશ્ય જોયું તે થકી હિંમત છૂટી પળવારમાં."
પાષાણ–પૂતળીવત્ થઈ ગઇ સ્થિર ડગ ચાલે નહિ,
પાપણ સરીખા આંખના પલકે નહિ ! હાલે નહિ.
દેખાવ એ'વો શો હતો ? કૌતુક શું જોયું દાસીએ ?
એ દ્રશ્ય ભીષણ શું હતું ? તે વાત વાંચક ! વાંચીએ.
* **માલા** તણી ફરિયાદથી **વિક્રમ** અહીં આવ્યો હતો,
આગળ થકી "હું આવું છું." સંદેશ ના કા'વ્યો હતો.
જ્યાં અવ્યવસ્થિત અશ્વ જોયાં....ક્રોધ દીલે વ્યાપીયો,
લઇ ચાબખો, એ અશ્વપાલક–પીઠ પર ઉગામીયો.

* અશ્વપાલનો નોકર.

ઉપજાતિઃ— ઘોડારમાં મધની ગંધ મારે,
શીસા પડેલા બહુ * દીશ ચારે.
વેશ્યા—ગૃહે જાય હંમેશ રાતે,
જતાં દીઠો મ્હેં પ્રભુ ! ખૂદ જાતે.

(હરિગીત)

માલો બધું બોલ્યો જતો, ને અશ્વપાલક કરગરે,
વિક્રમ પૂછે ફટકાવતો...."આખો દિવસ તું કયાં ફરે ?"
"મૂકો ! જવા દયો ! આજથી દુર્લક્ષ કો દી નહિ કરૂં,
બાપૂ ! હવેથી રાત દિન હું ચાકરી નકકી કરૂં."

શિક્ષા કરી વિક્રમ ગયો, કે દાસી એ દાખલ થઇ,
" શ્વાસોભરી આવી " અજાણી વાત થઈ જાણે કહી.
"પ્રીતે પધારો મ્હેલમાં તમ રાહ રાણીજી જુએ,
કળ આપ વિણ પડતી નથી....સ્હેજે નિરાંતે ના સુએ."

(અશ્વપાલને છૂપે રસ્તેથી રણુવાસમાં તેડી લાવી દિવાનખાનામાં બેસાડી, ચતુર દાસી રાણીના શયનગૃહના દ્વારે આવે છે.)

*દાસીઃ—(બ્હારથી.) ...સાખી...

શૃંગારે સજ થઇ રહો...ઢેલ ! પધાર્યા મોર !
ચિંતવન જેનું ચિત્તમાં...આવ્યા પ્રેમી ચોર...

---

* દીશાએ.

(*પૂર્વે અંતઃપુરમાં રાણી અને રાજકુંવરીઓની સખીઓજ દાસીનું કાર્ય કરતી હતી.)

ચંદ્ર ! ચકોરી આવીગે !...કુમુદિની ! અલી ! તું ચેત !
કમલિની ! ઉઘાડ પાંખડી...જો રવિ બોલાવેછ.

ચાતકી મેઘ પધારીઓ...તૃષા હવે છીપાવ,
વિરહાગ્નિ પિયુ-ભેટથી...બ્હેની ! સર્વ બુઝાવ.

(પ્રત્યુત્તર)

રાણીઃ—પ્રફુલ્લ થઇ *ફુલ પાંખડી...ભ્રમર ! પ્રવેશ કરાવ,
થોડું બોલો ! બ્હેકતા...છેક ! જરા શરમાવ.

અણઘટતું ન ઉચ્ચારીએ...બહુ નહિ ફાટી જાવ,
થોડામાંજ મઝા' પડે...અતિ લોભી મા ! થાવ.

વેણી ગજરે ગૂંથી છે...ફરી ફરી ઓળ્યા કેશ,
આછાં અમ્બર ઓઢીયાં...ઝળહળ નૌતમ વેશ.

ધરી ગુલાબી કંચુકી...ચરણ ! નુપુર-ઝંકાર,
રસિયો રીઝે રૂપથી ..સોળ સજ્યા શૃંગાર.

દાસીઃ—લ્યો ! ત્યારે હું જાઉં છું...ઘૂસાડું છું ચોર !
જોઈ ! બરાબર ઝાલજો...કરે ન શોરબકોર.

રાણીઃ—બહુ સારૂં ! ડા'પણ તજી...જા...ઝટ કર ના વાર,
ઝટપટ મોકલ પ્રિયને...મ્હેણાં થોડાં માર.

દાસીઃ—સમય સાંપડે...સહુ કહે...એ'માં શાની ખીજ ?
ઇનામ હું તો લૈશ બા ! (હા) એક અમૂલી ચીજ !

*કમળનું ફૂલ.

રાણીઃ—આપીશ નવસર હાર...જા...વ્હેલી મેળવ કાન્ત!
લ્હાય હૃદયની હોલવે...તન-મન થાયે શાન્ત.

પરિચારિકા પ્રયાણ કરી જાય છે. પિંગળાના શૃંગાર ભુવનનું રંગ-દ્વાર ખૂલે છે. વિક્રમનો માર ખાઇ આવેલો...અશ્વપાલ...પોતાને બહુજ ખોટી કર્યાથી...રીસનો માર્યો હાથમાં ઘોડાનો ચાબખો...કે જે રાણીને બતાવવા ઘોડારમાંથી સાથેજ લઇ આવ્યો હતો, તે લઈ અંદર પ્રવેશ કરે છે.

ભુજંગીઃ—ઉઠી દોડી! હા ભેટવા યારને એ,
ભુલે ભાન! જો! જો! બને અંધ કામે.
હશે જગતમાં "પાપ શું?" એ વિસારે,
ફરે બુદ્ધિ! માથે ભમે કાળ જ્યા'રે!

ધસી આવતી પિંગળા ભેટવાને,
દિઠી દૂરથી દુષ્ટ એ અશ્વપાલે.
પડી આંખ જ્યાં ચાબખે! રાણી ધાતી,
રહી સ્થિર જ્યાં ત્યાં નહિ ચાલી છાતી.

દોહરોઃ—[ઓ ઇશ્વર ભજીએ ત્હને...રાહ]

અશ્વપાલ (નિ.) અવલોકતાં...સુરખી ઉડી સર્વ!
સ્ફૂર્તિ અંગે ના રહી...ગયો રૂપનો ગર્વ!
રક્ત નેત્ર આશક તણા...માશુક ટક ટક જોય,
હાસ્ય-નૂર મુખનાં ગયાં...મદન! રહ્યું ના કોય.

ઉપજાતિઃ—વિકાળ મોઢું અવલોકતાં એ !
ઢીલાં થયાં ગાત્ર ખુશી થતાં જે !
પાસે પછીથી ડરતી ગઇ એ,
પુછ્યું ધિરે...'કોઈ કસૂર થૈ છે?'

(હરિગીત)

મોડું થયું બસ કેમ ? ખોટી થાઉં નહિ દરકાર એ,
ત્હારે મને શું એમ ? કેઃ—"આ અશ્વપાલ ગમાર છે.
કાપે ગળું કો દી અમારૂં શો ભરોસો રાં....ડનો?
યારી હવે કરવી નથી....કોઇ દિવસ તુજ સંગમાં !
તવ પિંગળા બોલી....'પિયુ ! ગુસ્સે થવું એ ના ઘટે,
ભરથાર ભૂપ તજી નિરંતર પિંગળા તમને રટે.
માલવપતિની માનીતિ મહારાણી તમને ચ્હાય છે,
કે'વી તમારા પ્રેમની ખાતર અધીરી થાય છે !"
"શણગાર હું સજતી હતી....શૃંગારભુવનમાં પિયુ !
મ્હારા મને રસિયો રીઝે ! તમથી અધિક વ્હાલું કયું !
છો ભાગ્યશાળી આપ ! પૂર્વે પૂણ્ય-કૃત કીધાં હશે,
કયાંથી નહિ તો પિંગળાના હૃદયમાં તમ સમ વસે ?"
"જા ! જા ! બધાં બ્હાનાંછ એ ! સૌ પ્રેમ જુઠો તાહરો,
છોડું હવેથી મ્હેલ આ એ અંત-નિશ્ચય માહરો.'
જ્યાં રોકવા રાણી ગઇ....ત્યાં પીઠ પર ફટકો પડયો,
વિક્રમ ઉપરનો રોષ....રાણી પિંગળા પર ઉતર્યો.

જળસમાધી વા દેવી શારદા.



સંગીત છંદમાં કરૂણાજનક કથા ! આજેજ મંગાવી વાંચો
સંયમની ચોપાડીના ભયંકર ભેદ જાણવા હોય તો ફક્ત
ચાર આનાની ટીકીટ મોકલો.

ઉપજાતિઃ—ફટકા પરે ! હા ! પડતાંજ ફટકા,
રાણી *હ્દેથી...રડતાંજ છૂપાં.
મુંગે મુખે માર બધો સહન્તા.
નેને+ અરે ! ઉષ્ણુ નિરો વહન્તા.
ચર્ણે પડી પાલવ પાથરીને.
કામાંધ રાજી ! હજુ કર્ગરે છે.
"કૃપા કરો વ્હાલ ! તને ભજે છે."
(તદપિ !) પાષાણુ હૈયું નહિ પીગળે છે.
સત્ય છેઃ—"**कामान्धो नैव पश्यति !**"
(કામાંધ કશુંજ જોતો નથી.)

(તેમજઃ-પાષાણુ હ્દયો અશ્રુ-જલના પ્રવાહો વહેવડાવ્યે પણુ પલળતાંજ નથી.)

(હરિગીત.)

રે ! સૂર્યના રશ્મિ ઊહુનાં જેણે સહ્યા નહિ જીવનમાં !
સુકુમાર તે તન ગૌર પર શા રક્ત-સોળો સુજીયાં ?
નહિ શબ્દ સરખો સાંભળ્યો નિજ જીન્દગીમાં કોઇનો !
ટપલો, ટુંકારો ના સહ્યો ! મહિયર, શ્વસુરમાં કોઇનો !
અજ્ઞાત છે જે "માર" એ'વી ચીજથી દુનિયા વિષે,
લોહી-તસો ત્હેની પીઠે આજે ફૂટેલી શી દિસે ?
રે ! દાસ દાસી સહસ્ત્ર જે'ને રોજ ચરણે ઝુકતા,
જે'ની નિકટ માલવપતિ જેવા સ્વમાનો મૂકતા.

---

*હ્દયથી. +આંખે.

મ્હારાણી એ માલવ તણી કામાંધ થૈ શુદ્ધિ ગઇ,
હલકા તુખમના નીચને ! પાયે પડી વિનવી રહી.
કામી ! અરેરે ! અંધ ! "પોતે કોણ" કૈં નવ પેખતાં,
"ઉંડો કુવો કે ખાઇ છે ?" અન્નાડી એ નહિ દેખતાં.

આંખો મિચી અન્દર પડે, પાછળ પછી પસ્તાય છે,
'સારૂં ! કર્યું ના હોત જો !' એવી વિમાસણ થાય છે.
રે ! કામ-શરથી કેટલાં (યે) હૈયાં કુણાં વિંધાય છે,
વાગેછ જે'ને પંચ-સર "પાગલ-દિવાના" થાય તે.

ડા'પણ ડુલી જાયે બધું...પાગલપણે મૂકાય છે,
એ પુષ્પધન્વા-તીરથી બે આંખ ફુટી જાય છે.
*સુરદાસ થાતાં સત્ય રસ્તાની સ્હમજ પડતી નથી,
ખાધા વિના ઠોકર ! ગયેલી શુદ્ધ સાંપડતી નથી.

કૂવે પડે છે ! પ્રાણીઓ ! પૂંઠે નિકળવા ન્હાય છે,
જાણ્યા છતાં ઝૂકે જળે ! ગોથાં પછીથી ખાય છે.
અકકલ નહિ છાંટો છતાં અકકલ લ'ડાવા જાય છે,
જાણેછ જીરવાશે નહિ અણુસમજુ તો પણ ખાય છે.

સારી રીતે જાણે છ+ કે આ ઝે'ર છે, તો પણ પિયે,
વાવી લણે મતિમંદ ! કૂ-ફળ ! દોષ ભાવિને દિયે.
કરતાં કરે પશ્ચાત્ પસ્તાવો ભયંકર થાય છે,
ત્યારેજ પાપી-વૃત્તિ સાથે કામને નિન્દાય છે.

---

*આંધળો. +છ—છે (સર્વ સ્થાને વાંચવો.)

બે ચર્મચક્ષુ ! જ્ઞાનચક્ષુમાં પછી પલટાય છે,
માયા મરી ફીટી જગત આ બ્રહ્મમય દેખાય છે.
કામાંધના ઇતિહાસમાં કોટી ભર્યાં છે દાખલા,
પરિણામ "પશ્ચાતાપ" અંતિમ કોણ નહિ જાણે ભલા ?

ઉપજાતિઃ—જાણે છતાંએ બનતાં અજાણ્યા,
ખૂબી ખરી તો રહી એ પ્રમાણે !
જાણેછ આ "પાપ" છતાં ડરે ના !
આ પુણ્ય પ્રીછે તદપિ કરે ના !

* * * *

પ્યારા ! પટાવ્યો ! કહી પિંગળાએ !
વ્હાલમ્ મનાવ્યો ! વળગી વહાલે.
પ્યારી કહીને કર કંઠ નાખ્યો,
કામી પુરૂષે...રસ મિષ્ટ ચાખ્યો.

શૃંગાર નાગો બહુ બે કરે છે,
*વક્ષઃથી રાણી-પટ રે ! સરે છે.
અશ્લીલ આલિંગન ધિક્કર એ'વાં,
નિર્લજ્જ શું ! ચુંબન-ગાલ લેવાં.

દોહરોઃ—નેત્રપલ્લવી, અડપલાં...ચાળા બોલે નીચ,
નયન વિકારી બેઉના...જુઓ આંધળી પ્રીત.
નિર્ભય કામી-પ્રેમીઓ...વિસરે ડર-પ્રભુ ! પાપ !
ભ્રમર મરે કમળે ! મતિ...વિફરે નિકટ વિનાશ.

* * * *

---

*સ્તન પ્રદેશ.

(હરિગીત.)

ત્યાં લાગ જોઈ અશ્વપાલે વાત વિતેલી કહી,
"ત્હારા દિયરના હાથથી મ્હારી દશા ભુંડી થઇ."
ક્રોધે ભરાઇ સાંભળી ! મુખ રક્ત રાણીનું થયું,
અપમાન નિજ આગળ કરેલું વિક્રમે તાજું થયું.

* * * *

(એક બે વર્ષ અગાઉનો બનાવ.)

બે બંધુ વિક્રમ ! ભરથરી ! દિન એક મૃગયાએ ગયા,
સમ્રાજ્ઞી પણ સ્ત્રી-રાજ-હઠ લૈ સંગ શિકારે ગયા.
વાદળ ચઢી આવ્યું....ત્યહાં ! વરસાદ વરસ્યો જોરમાં,
શબ્દો નહિ કાને પડે....વિજળી-કડાકા-ઘોરમાં.

સૂઝે ન દીશા કોઈને....અણધાર્યું અંધારૂં થયું,
ગમ કોઇની નહિ કોઈને કે કોણ ? કયાં કયાં જઇ રહ્યું ?
અણચિંતવી આ આફતે રાજન્ બીજે રસ્તે ગયો,
દુર્ભાગ્યવશ વિક્રમ બિચારો ! પિંગળા સાથે થયો.

લીલા કરી થોડી ! પછી એ મેઘરાજ શમી ગયાં,
ભગવાન ભાનુદેવનાં અજવાળીયાં આછાં થયાં.
પટકૂળ ભાભી-દિયરનાં વરસાદથી પલળી ગયાં,
જળબિન્દુઓ એ ચીરથી નિતરે....નિગળતાં બે થયાં. -

અંગો અખિલ ભિંજાયલા શીતે કરી ધ્રૂજે મહા !
ગગડાટ ઘોર ગગન તણા કાને હજુ ગૂંજે અહા !
બારીક ઝીણી જાળ જેવાં ચીર રાણી પ્હેરતાં !
ભિંજાઇ અંગે ચ્હોંટીઆ ! જાણે નવસ્રા શું હતાં ?

ગાત્રો સકળ દેખાય આછાં ને ભિનાં એ ચીરથી,
નિતરી રહ્યું લાવણ્ય માંડી ચર્ણથી તે શીરથી.
અવળા મુખે વિક્રમ ઉભો ! બંધુ વિષે વિમાસતો,
"પણ કૈં નહિ એ વીર છે." મન પાછું પોતે વાળતો.

આ બાજુ વિક્રમસિંહ બંધુના વિચારો જ્યાં કરે,
ત્યાં રાણી પાછળથી દિયરની સ્હોડમાં ધીમી સરે.
એકાન્ત સ્થળ અવલોકતાં કૂવાસના ઉર ઉદ્ભવી,
વિક્રમ સ્વરૂપે લાગીયો....શું કામદેવ બીજો નથી ?

* * * *

એકાન્ત છે દુશ્મન મહા ! યુવાન નર ને નારનો,
એકાન્ત ભૂલાવે ભલાને ! ભેદ સારાસારનો.
સોબત કરાવે પાપની ! જે ચીજ તે એકાન્ત છે,
નીતિ ચુકાવે આપણી ! જે ચીજ તે એકાન્ત છે.

વૃત્તિ જગાડે વિષયની ! જે ચીજ તે એકાન્ત છે,
બટ્ટો લગાડે આબરૂને ! ચીજ તે એકાન્ત છે.
શું "પાપ" એને ઓળખાવે ! ચીજ તે એકાન્ત છે,
જે ભાવના નિર્મળ ભમાવે ! ચીજ તે એકાન્ત છે.

નિષ્પાપ હૃદય પતિત કરાવે ! એક એ એકાન્ત છે.
નિર્દોષને દોષિત ઠરાવે ! એક એ એકાન્ત છે.
ડાઘો લગાડે દીલમાં જે ચીજ તે એકાન્ત છે,
જીવન્ત પધરાવે ચિતામાં ! ચીજ તે એકાન્ત છે.

સંશય અણાવે સ્હેજમાં ! જે ચીજ તે એકાન્ત છે,
પાઠો ભણાવે ભેદના ! જે ચીજ તે એકાન્ત છે.
છૂપા જણાવે મર્મને ! જે ચીજ તે એકાન્ત છે,
છેવટ કરે વશ શર્મને ! જે ચીજ તે એકાન્ત છે.

દુર્બુદ્ધિ જોગીમાં જગાવે ! ચીજ તે એકાન્ત છે,
વૈરાગ્ય વૃત્તિને ભમાવે ! ચીજ તે એકાન્ત છે.
જે પાપને ફાંસે ફસાવે ! ચીજ તે એકાન્ત છે,
પગ નર્કકુંડ વિષે મુકાવે ! ચીજ તે એકાન્ત છે.

ફૂછંદનું જો પગથીયું, તો ચીજ તે એકાન્ત છે,
ફિટ્કારનું જો મૂળીયું, તો ચીજ તે એકાન્ત છે.
ભંગાણ પતિ–સતી–ધર્મનું, જે ચીજ તે એકાન્ત છે,
મંડાણ પાપ અધર્મનું, જે ચીજ તે એકાન્ત છે.

ઝે'રી ફુલોનું ઝાડ એ ! ઝે'રી ફળો ને બીજ છે,
સ્પર્શો ન એ'ને સ્વપ્નમાં એકાંત બૂરી ચીજ છે.
ઝે'રી હવા એકાન્તની ભૂલેચુકે લેશો નહિ,
લેશો પછી નક્કી નિરોગી જીવને રે'શો નહિ.

ઝે'રી ઝરો એકાન્તનો ! ઝે'રી ઝરણુ એ'માં ફુટે,
પાણી પિવા તે જાય ! જે'ના પૂણ્ય પરવારી ઉઠે.
ઝે'રી જળાશય જોઈ એ ! જાશો નહિ પ્યાસી તહિં,
જળપાન ઝે'રી જો કર્યુ ? આરોગ્ય જળવાશે નહિ.

એકાન્ત અન્ય ઉમાપતિનો કુંભ વિષનો જાણજો,
એકાન્ત પર–નર–નાર *ના....વેર એ પ્રસંગજ આણજો.
મળશો ન સગ્ગી ભાભી સાથે દિયર પણ એકાન્તમાં,
મળશો ન બંધુ બ્હેન પણ મ્હોટી વયે એકાન્તમાં.

એકાન્ત વસ્તુ કાળજે અંગારના સરસી દહે,
એકાન્ત એ શોધો ઋષિ સંન્યાસીઓ જેને ચહે.
રે ! ધર્મ ! હિન્દુ–શાસ્ત્ર ! તો કે' છે વધીને એટલે !
પરણેલી યા વિધવા સુતા સાથે પિતા પણ ના રહે.
યૂવા અપરમા સાથ મળવા પુત્રને નિષેધ છે,
કળિયુગ, ત્રેતા, સત્ય, દ્વાપર યુગ યુગે એ ભેદ છે.
સંતાન વીર–કુણાલ પર મા સાવકી મોહી હતી,
ઓખા–નુપુર–ઝંકારથી શુદ્ધિ શિવે ખોઇ હતી.
જ્યાં એક લોહીનાં અને આત્મીયને પણ ના કહી,
ત્યાં પર–પુરૂષ પર–નારને મળવાની વાતો ક્યાં રહી ?
એકાન્ત અપજશ ધોધ છે, છાંટા ઉડાડે શુદ્ધને,
ચેપી નઠારો રોગ એ બ્હે'કાવી દે છે બુદ્ધને.

---

*ન આવે.

સર્વે યુવક-યુવતિ તણો દુશ્મન પ્રચંડ ગણાય જે,
તે એક એ ! બસ એક એ ! એકાન્ત છે ! એકાન્ત છે.
જે પાપ, ભ્રષ્ટાચાર, ને દુષ્કર્મનો વિશ્રાન્ત છે,
તે એક એ ! બસ એક એ ! એકાન્ત છે, એકાન્ત છે.

દિયર અને ભોજાઇ દૈવવશાત્ સપડાઈ ગયા,
વિક્રમ અને એ પિંગળા એકાન્તમાં આવી ગયા.
નિર્ખી સ્વરુપ વિક્રમ તણું મોહાંધ રાણી એ થઇ,
નિજ ભાન ભૂલી રૂપ એ એકી ટશે નિર્ખી રહી.

કામી વિકારી ભાવ આંખોને વિષે ઉભરઇ રહ્યો,
મા-પુત્રનો એ પ્રેમ નિર્મળ પલકમાં પલટઈ ગયો.
થાતાં પતિત વિચારમાં કામે ધનુષ્ય ચઢાવિયું,
ખેંચી કમાન મૃદુ કુસુમ-શર પિંગળાને મારિયું.

વાગ્યું હૃદયમાં રાણીને ! કામાંધ સહસા થઇ ગઈ,
જેણે કરી એ જ્ઞાનચક્ષુ આંતરિક ફૂટી ગઇ.
ઢોંગી બની બેહોશ એ બહુ ધ્રૂજતી ખાઝી પડી,
વિક્રમ વિમાસણમાં પડચો, રાણી બહુ રહી'તી રડી.

"કંપિત લતા સમ કાય કંપે, વા શિતળ બહુ વાય છે,
કો' કયાં ગયા ભાઇ તમારા ? જીવ મમ ગભરાય છે.
હાં ! હાં ! કરો શું માત ઓ ? આ આપને છાજે નહિ,
વર્તન અલભ્ય તમારૂં માતા ! દીલ કાં દાઝે નહિ ?"

પીંગળા અને રાજા ભરથરી.



તીરછા નયનના બાણથી ભેદ્યાં હૃદય હર્યાં તમે:
પ્રેમાળ પિંજરમાં પુર્યાં. પ્યારી હવે કેદી અમે.

જુઓ પાન [illegible].

"પળવારમાં આવી જશે અહિં ભાઇ મ્હારા ભરથરી,
ગભરાટ છે આ નિષ્પ્રયોજન બંધુ બળમાં કેશરી.
આ શબ્દ વિનયી સાંભળી, બેશર્મ બોલી પિંગળા,
"વ્યાપે શરીરે શિત ! ગ્રહો કર ! હુંફ આવે કંઇ ભલા !"

વિક્રમ નિખાલસ દિલનો ! આ ભેદ કૈં સમજ્યો નહિ,
પાપિષ્ઠ વૃત્તિ પિંગળાની પાર કૈં પામ્યો નહિ.
"ભાભી ! તમે મ્હારે મને બહુ પૂજ્ય માત સમાન છો,
પાકયો તમારે પેટ જાણી પુત્રની દ્રષ્ટે જુઓ."

કંપિત હ્રદયથી વિક્રમે કર પિંગળાને આલીયો,
ઢોંગી ધુતારી રાણીએ ઉત્સાહથી જે ઝાલીયો.
ત્યાં તો અચાનક "રે ! અરે ! હાં ! હાં ! મને કૈં થાય છે,
ઝાલો મ્હને ! ઓ ! કોઇ ! કંપારી શરીરે થાય છે."

"મસ્તક ઘુમે મ્હારૂં....બહુ અંધારૂં લાગે છે બધે,
ઓ....હા....અરેરે" ઢોંગ ને ઉદ્દગાર કૃત્રિમ શું વધે ?
વિહ્વળ દશા પૂરી બતાવી રાણીએ અડધી ઘડી,
બેબાકળી જાણે બની ! વિક્રમ ઉરે બાઝી પડી.

"હાં ! હાં ! અરેરે ! માત ! આ શું ? ભાભી આ ઘેલછા ?
દેખે કદાપી કોઇ તો શંકા પડે એ સર્વથા.
છોડાવી રાણી હાથ ને વિક્રમ ખસી આઘો ઉભો,
મનમાં ભલે ના મેલ ! ભાભી ! બ્હાર આ અવિવેક શો ?

પાપી હુલી ત્યાં પિંગળાની પ્રેમવશ ખુલી ગઈ;
કામાંધ રાણી કૂળ, જાતિ, કૂખ, સૌ ભૂલી ગઇ.
લજ્જા તણો પટ ઠેલી નિઃસંકોચથી રાણી વદી,
"વ્હાલા! નથી વ્હાલું મ્હને તુજથી વધુ કોઇ, કદી."

"તુજ ભાઈની ભાર્યા છતાં હું તો ત્હેને બસ ચ્હાઉં છું,
તુજ પ્રેમ પ્યાસી હું ઉદાસી! રોજ રહી સુકાઉં છું.
દર્શન વિના આઠે પ્રહર મ્હેલે અધીરી થાઉ છું,
ચિંતવન કરૂં તુજ ચિત્તમાં! તા'રા વિના મુંઝાઉં છું."

"એકાન્ત મળતાં આજ મ્હેં સૌ ભેદ મ્હારો ખોલીયો,
આલિંગ! શાન્તિ આપ! સત્વર સમય થોડો બહુ રહ્યો.
ક્ષણ એક તે મ્હારે મને સૈકા બરાબર લાગતી,
ઉરમાં અરેરે! શું કહું! તુજ સ્નેહ–શૂળો વાગતી."

પાષાણવત્ પળ એક તો વિક્રમ ચકિત સ્થંભી ગયો,
આ ગૂંથ કે'વી અટપટી! ગુંચવણ વિષે ગુંચવઇ રહ્યો.
બીજી પળે પણ ચતુર એ'નો પાર સૌ પામી ગયો,
તિરછી નજરથી જોઇ ઉત્તર રાણીને આપી રહ્યો.

"ભાભી! અરે! ભાભી! તમે બોલો! બકો! શું? સાન છે?
સ્વામી તમારો હું નથી! રણવાસ નહિ, આ રાન છે.
નિર્લજ્જ આ શબ્દો કહો, કો'ને? કંઇ એ ધ્યાન છે?
વિક્રમ ઉભો તમ પાસમાં! નહિ ભરથરી! એ ભાન છે?"

"હું ભાનમાં પૂરેપૂરી, પ્યારા ! તમે મુંઝાવ ના,
મનમાં બધું ભાવે છતાં મોંઘા નકામાં થાવ મા.
ઠાલી ઉપરનો ડોળ ! પોગળ દંભને છોડો હવે,
ખાલી સમય શાને ખુઓ ? તૈયારી એને * આવવે."
"લ્હાવા લલિત આ'વા બધાને રોજ કંઇ મળતા નથી,
એકાન્ત વારંવાર આ સંજોગ સાંપડતા નથી.
ભાવે કરી ભેટો નિવારો કષ્ટ પ્રિય! અનંગનું,
અવસર મળ્યો ! સુખ ભોગવો ! આ પિંગળાના સંગનું."

"માતા તમે મ્હારા તમારી શુદ્ધ આજે ક્યાં ગઈ?
હું તો તમારો પુત્ર કુદ્રષ્ટિ અરેરે ! ક્યાં થઇ ?
માતા બગાડે જો નજર સંતાન પર તો થૈ રહ્યું,
આ પૃથ્વી પરથી ધર્મનું સામ્રાજ્ય જાણે સૌ ગયું."

"આ'વા અઘટતાં વેણ શું ઉચ્ચારવાં તમને ઘટે ?
જે પાપ લાગ્યું ઘોર પ્રાયશ્ચિત કર્યા વિણ ના મટે.
'તમ પુત્ર છું' એ ભાવના અંકિત કરો અંતરપટે,
સાચી સતી તો તેજ સ્વપ્ને પણ અવરને ના રટે."
"મોહાંધ થઇ માતા તમે સદ્ધર્મ ભુલી જાવ છો,
નીતિ ! સતીનો ધર્મ ! ચૂકી વિષયમાં લપટાવ છો.
રે ! મોક્ષ મેળવવો રહ્યો ! શિદ નર્ક પડવા જાવ હો ?
અમૃત મળે નહિ છો ! પિવાને ! ઝેરમાં લલચાવ કયાં ?"

---

* એમને–ભર્તૃહરિને.

"સાધુ થવાયે છો નહિ! બસ થાવ સારા માનવી,
દેવી થવું આઘું રહ્યું! પણ વૃત્તિ આ શા દાનવી?
વિષયાનુરાગી ચિત્તને વિભુ-પ્રેમમાં વાળી લીયો,
પતિ-પ્રેમમાં પલટો, અગર, પણ કામને બાળી દીયો."

"શાથી મતિ મારી ગઇ, કે કોણ છું હું? વીસર્યાં?"
આવ્યાં પડળ શું આંખ પર, કે પૂણ્ય પરવારી ગયાં?
ક્યાં બે ઘડીની લ્હાણ, માટે ધર્મને નેવે મુકો,
પતિવ્રત ઉપર જળ ફેરવો! સાથે સતીત્વ વળી ચુકો."

"ઓ ભાઇ મ્હોટાભાઇ! શું આ....આ તમારી નાર કે!
કુલટા તણા સ્વામી થવામાં પણ પ્રભુ! ધિક્કાર છે.
ધિક્કાર છે, ફિટકાર છે, માતા વધુ કે'તો નથી,
ચેતો હજુ બોલ્યા તમે તે લક્ષમાં લેતો નથી."

"સોદા કરો ના શિયળનો અણમુલ નિધિ એ જાળવો,
સ્વામી વિનાનો સૌ સમય સ્વામી-સ્મરણમાં ગાળવો.
સ્ત્રીઓ શિયળને વેચનારી! હોય છે વારાંગના,
વેશ્યા અરેરે! શું સતી! ભર્તૃહરિની અંગના?"

"બોલ્યું અબોલ્યું ભૂલી જઇને વૃત્તિ માતા ફેરવો,
કા'ઢી વિકારી ભાવ નિર્મળતા નયનમાં ઠેરવો.
પગલાં ભરો સંભાળીને! માતા! વિષય કૂપ છે જુઓ!
મેલું કર્યું નિર્મળ હૃદય....પસ્તાઈ અંતરથી! ધુઓ."

"જે બોલમાં પણ ડાઘ લાગ્યો, ધોઇ નાખો તેહને,
સાચા હૃદયના શુદ્ધ પશ્ચાતાપથી શું ના બને?
મોહાંધ મા! જો થાત કેશવ-કાંત-પ્રેમે આટલા,
ભાભી! તમારી ભાંગતે આ જન્મ-મર્ણ તણી બલા."

"વ્હાલા! મ્હને સદ્‌જ્ઞાન આ તા'રૂં બધું ગમતું નથી,
કામાગ્નિ પીડિત કયાંય પણ મા'રૂં હૃદય રમતું નથી.
આ શિષ જે માલવપતિ વિણ કોઇને નમતું નથી,
તુજને નમે તે આજ, કારણ દુઃખ! બળ્યું ખમતું નથી."

ઘુંટણ પડીને પિંગળા કરગરતી પાલવ પાથરે,
પોતે પડી પૂણ્યાત્માને પાડવા યત્નો કરે.
માથાવટીનો ભાગ જાણી જોઇને સરવા દીધો,
છેડો ઉડયો વક્ષઃસ્થળેથી લક્ષમાં તે ના લીધો.

તિરછાં નયનબાણો બહુ કામી! કસી કસી નાખતી,
ઘાયલ થશે! હમણાં વિંધાશે! આશ એ'વી રાખતી.
શાં અવ્યવસ્થિત ચીર આછાં! જાળ જાણે કામની?
શુકદેવ-વિક્રમ! પિંગળા-રંભા! શું દૈવી ધામની?

પણ આખરે શુકદેવ પાસ હતાશ જ્યમ રંભા બની?
સિદ્ધાર્થ પાસ નિરાશ જેવી ઇંદ્ર-સિદ્ધિઓ બની?
ત્યમ પિંગળા! વિક્રમ કને બહુ બહુ કરે ફાવી નહિ,
આગળ ચલાવ્યું તોય....છેડો ખંતિલી લાવી નહિ,

"એ'વો એભાગી કોણ જે આ'વી મઝા નહિ ભોગવે
ગમતી નથી, રાખો! તમારી જ્ઞાનની ગીતા હવે.
નહિ ચે'ન દીલ પડે, પધારો પ્રાણજીવન! પ્રેમથી,
આલિંગવું ને ચૂમવું....એ'માં અધર્મ કશો નથી."

"ભાવે ભુજાથી ભેટવામાં પાપ લાગે, વ્હેમ એ,
ત્યાં પાપ પૂણ્ય કંઇ નથી....જ્યાં બે હૃદયમાં પ્રેમ છે.
એ 'પાપ' પ્રેત નથી કંઈ! એનાથી નામ ડરો નહિ,
પાંડિત્ય-પોથાં યાદ પ્રેમ-પ્રસંગ પાસ કરો નહિ."

"વ્હાલા! જુઓ! મદમસ્ત યૌવન અંગમાં ઉભરાય છે,
ભીનાં થવાં આ હોઠ બે તલસી રહ્યાં દેખાય છે.
મનમાં લગાડી લાહ્ય ને તનમાં બળતરા થાય છે,
પ્રાણેશ? અંગ ઉપાંગ મા'રા એકદમ અકળાય છે."

"સર્વત્ર પડઘા પ્રેમના ને પ્રેમના સૂણાય છે,
જંગલ, તમે, હું, સૌ મ્હને તો પ્રેમમય દેખાય છે.
કે'વી કળા કીધી મનોહર કામદેવ તમે! ખરા?
માયા! તમારી જાળ! કે'વી ગૂંથણી....જૂઓ જરા?"

"વ્યાપી રહી તમ મોહિની ઝાડે, ફૂળે ને ઝાંખરે,
તપભંગ વિશ્વામિત્ર? જોજો! મેનકા કે'વી કરે?
સિદ્ધાર્થ બુદ્ધ થવું! અને મન મારવું ના સ્હેલ એ,
વૈરાગ્ય ને સંન્યાસ એ નહિ બાળકોના ખેલ છે."

"શંકર થઈ સાધો સમાધિ સર્વ માયા પરહરો,
પણ **ભીલડીએ** ભોળવ્યાં ! દષ્ટાંત યાદ સદા કરો.
આ આમ છે. ને તેમ છે, ભાષણ ભભકતા સાંભળો,
નર એજ નારી પાસ થાયે પાણીથીએ પાતળો."

"દુષ્કર્મ કે સત્કર્મ જોવાનો સમય તે આ નથી,
વીચાર ધર્માધર્મ ! કરવાનો સમય તે આ નથી·
કો'ની સહે ! શું કર્મ ? ડરવાનો સમય તે આ નથી,
પરિણામ–ડર આ હૃદય ધરવાનો સમય તે આ નથી."

"છાંટો પરસ્પર પ્રેમ–ધારા પ્રાણપ્યારા ! રાજવી,
આવો વિંટાળો કર તમારા કંઠમાં હેતે કરી."
"કમજાત ! કુલટા ! બહુ થયું ! બોલીશ મા, આગળ હવે,
ભતૃહરિનો ભાઇ અક્ષર એક આગળ નહિ સહે."

આકાશ અવનિ પર પડે ! ગંગા કદી અવળી વહે,
પૃથ્વી રસાતાળ જાય યા શશિદેવ સઘળાને દહે.
ઉગે રવિ પશ્ચિમ દિશે ને પૂર્વમાં જો ! આથમે,
દેનારને દુનિયા દમે....લેનારને લાખો નમે."

" છો ! દેવ દર્શન સ્વર્ગમાં સીડી મુકી દુનિયા કરે,
ધૂલિ ઉડાડી સુરજ પ્રતિ ઝાંખો કદી કોઈ કરે.
રાણી તમે (તો) શું ? સ્વર્ગથી સાક્ષાત્ રંભા ઉતરે ?
"પર નાર મ્હારે માત" વિક્રમ આંખ ના ઉંચી કરે."

વિષ્ણુ પધારે મોહીની રૂપે કદિ અવનિ તળે,
પણ આ જિતેન્દ્રિય વીર–વિક્રમ ના ચળે તે ના ચળે.
ત્યારે પછી તું પિંગળા ! તે કોણ ગણતીમાં રહી ?
વિક્રમ ઉભો છે પ્રેમ ઘેલો ભરથરી આ છે નહિ."

"ચેતાવું મ્હારા ભાઈને નક્કી હવે આ વાતથી,
ત્હારાં પરાક્રમ નીચ આ જે જાણતો જરીએ નથી.
રે ! દુષ્ટ રાણી તુજ સમી આ રાજમાં નહિ કામિની,
મમ ભાઈને નહિ જોઈએ ! કામાંધ આવી ભામિની."

"માતા ગણી મ્હેં જોઈ ! ઉંચી આંખ કો દી ના કરી,
માતા–પિતાની ભાવના ઉર ભાઈ–ભાભીની ભરી.
તદપિ અરેરે ! નીચ ! કે'વી માગણી ભુંડી કરી,
પતિ ને પ્રભુની આંખમાં તું બેવફા આજે ઠરી."
"અફસોસ ! કે'વા સ્નેહથી મમ બંધુ ભોળો ન્હાય છે,
ગંગા સમાન પવિત્ર ગણવામાંજ ગોથાં ખાય છે.
અમિપાન માની આવતો ! વિષપાન તું તો પાય છે,
પ્રેમાંધ ત્હારા પ્યારમાં, લટ્ટુ ! અપાર ઠગાય છે."

બોલી વચન જ્યાં વિક્રમે છોડી જવાં પગલાં ભર્યાં,
ચેતી ગઈ ત્યાં પિંગળા....ને હાવભાવો સૌ ફર્યાં.
રોકી જતો વિક્રમ, હસીને હેતથી બોલી પછી,
"કે'વાં ઠગ્યાં ! આબાદ વા' આજે અહા ! મ્હેં દિયરજી.!'

પિંગળા અને વિક્રમ.



થાતાં પતીત વિચારમાં, કામે ધનુષ્ય ચઢાવીયું,
ખેંચી કમાન મૃદુ કુસુમ, સર પિંગળાને મારીયું.

"હું માનતી 'મ્હાના દિયર નક્કી ચતુર કંઇ હશે !
પણ બેઉ બંધુમાં ન એકે **સ્ત્રી–ચરિત્ર** ભણ્યા દિસે.
ભોળા તમારા ભાઇ ને ભોળાં તમેયે છો ભલાં !
પુષ્કળ ભણ્યાં પ્રમદા–ચરિત્રે તોય મારો વેવલાં."

"સમજ્યાં ?" દિયરજી ! સો ભણ્યાં પણ એક આ બાકી હજુ,
જો સ્ત્રી–ચરિત ના પારખો ? તો ધૂળ શીખેલું બધું.
હું તો જરા જોવાની ખાતર પારખું જોતી હતી,
પાણી તમારૂં કેટલું છે ? માપ તે'નું માપતી."

" અગ્નિ નિકટ ઘૃત તુલ્ય પિગળી જાવ છો શું ? કે નહિ ?
ઈન્દ્રિયજિત કે'વા તમે ? આંકી કસોટી તે અહિં.
અચળિત તમારૂં મન પુરૂં મ્હેં પારખ્યું બહુ ધન્ય છે,
જોયો તમારો ભાઇ–ભાભી ઉપર પ્રેમ અનન્ય જે !"

"ખોટું ન સ્હેજ લગાડશો આજે પરીક્ષા મ્હેં કરી,
દેજો ક્ષમા અપરાધિની તમ બંધુની જો હું ઠરી !"
પડવા પગે જ્યાં જાય ત્યાં તો વિક્રમે ઉભી કરી,
"માતા તમે મ્હારાં અરેરે ! ભૂલ મ્હોટી મ્હેં કરી."

"જાણ્યા વિના ! સમજ્યા વિના ! બહુ બહુ કહ્યું મ્હેં આપને,
ઓછું ઉરે ના આણતાં ! દેજો 'ક્ષમા' માતા મ્હને."
એ પિંગળાનાં ચર્ણમાં કરજોડીને વિક્રમ પડયો,
શું **સ્ત્રી–ચરિત્રની** જાળ ! કંઇક ફસાય, એય ફસી ગયો.

હમણાં બની જે વાત ભુરકી નાખતાં ભૂલી ગયો,
ઊપર ઉપરના હેતમાં પાછો પૂરી ડૂલી ગયો.
આપ્યું વચન "આ મશ્કરી ! કો દી કહું નહિ ભાઇને,
પુરવાર કીધું રાણીએ જ્યાં જુઠું સોગન ખાઇને.
ભર્તૃહરિ આવ્યો પછી સ્નેહીજનો સાથે મળ્યા,
જાણે ન રાજા 'શું બન્યું'? નિજ નગ્રમાં ત્રણે વળ્યાં.
ભૂલી ગયો આ વાત વિક્રમ તે પછી આગળ જતાં,
પણ બોલ બાણો તુલ્ય રાણીના હૃદયમાં ખુંચતા,
અકકેક એ ઉચ્ચાર ને ધિકકાર સૌ સાલી રહ્યાં,
અપમાન-કર શબ્દો સ્મરણ આજે હજુ આલી રહ્યાં.
નિશ્ચય કર્યો પાકો મને એ પિંગળાએ તે સમે,
"સારું ન વાળું વિક્રમા ! તો પિંગળા કે' ના મ્હને."
લાગ્યો દિલે જે ડંખ તે અદ્યાપિ ના વિસરી હતી,
અપમાન કેરી આગ ઉરથી બ્હાર ના નિસરી હતી.
આજે સમય આવ્યો અચાનક ને સ્મૃતિ તાજી થઇ,
દ્રષ્ટિ સમક્ષ બિના બધી આજેજ જાણે ના બની ?

* * * *

બોલી સ્વાગત "હે વિક્રમા ! આવી બન્યું તા'રૂં હવે,
બળવું નિરંતર વૈરની આગે વધુ ના પાલવે.
કયાં હું નહિ ? કયાં તું નહિ ? આજે ઉપાયો આદરૂં,
સાચું જુઠું સમજાવીને તુજ ભાઈના કાનો ભરૂં."

નિશ્ચય કરી પાકો હ્રદયમાં ચારને સમજાવીયો,
નિર્દય ઘડેલો ઘાટ બે કામાંધને મન ભાવીયો.
દાખલ થઇ દાસી ખબર લાવી પધારે ભૂપતિ,
જે સાંભળી થઇ અશ્વપાલકની હશે કે'વી ગતિ ?

સૌ હોસકોસ ઉડી ગયા ને પ્રેમ બેમ ભુલી ગયો,
વિષય મદિરાનો નિશો એ બેઉનો ઉડી ગયો.
"આવ્યો અહીં હું કયાં ? અરે ! કયાં ભોગ લાગ્યા મ્હારા,
ઓ ! મા ! મ્હને સંતાડ હું પાયે પડું છું તાહરા."

"શરણે પ્રિયા તા'રે ! હવે ! તો ! ઓથ મારે તુ'જ છે,
તું બાયડી, કે બ્હેન, મા, સૌ જે ગણું સરખુંજ છે.
વાગી જવાના બાર બાપલીઆ ! હવે ! હા ! શું થશે ?
તરવાર ગરદન પાર રાજાની નકી ઉતરી જશે."

ક્રોધે ભરાઇ પિંગળા બકવાટ ગાંડો સાંભળી,
પણ શું કરે ? વ્યાકૂળ ને વિહ્‌વળ બની ઉતાવળી.
ખાલી પડયો'તો ઓરડો જે એક ખૂબ અવાગરૂ,
ખોલી મહીં પૂર્યો તરત અંધારૂં રહેવા આકરૂં.

દર્પણ વિષે નિર્ખી બરાબર કેશ ચીર પછી કર્યા,
ત્યાં તો અમરફળ રાય લઇ નિજ મ્હેલથી આવી રહ્યા.
હરખાતી સાં'મી દોડી રાણી રાયને ભેટી પડી,
"મોડા પધાર્યા કેમ ?" મુંગુ કંઇક એ'વું બડબડી.

"વ્હાલે વધાવું આજ હું માલવપતિ મ્હારાજને,
સૌભાગ્ય ! સ્વામીનાથ ! ઇચ્છું ક્ષેમ ! નિત્યે તાજને."
પૂજા કરી પધરાવીઆ રાણી ઉતારે આરતી,
કો દેવ–દેવીની ગરજ દાંપત્ય જોડી સારતી !

કુમ્‌કુમ્‌–તિલક ભાલે કરેલું ભરથરીને શોભતું,
કંદર્પ–કાંતિ ને લલાટ વિશાળ સુંદર ઓપતું.
શૃંગાર ભુવનમાં વિરાજી દેવ–મૂર્તિ તો નથી ?
ને દેવ–દ્વારે પિંગળા દિવ્યાંગના સમ લાગતી !

પ્રમદા–મને પતિ ! દેવ લાગે ! વાત એ મ્હોટી નથી,
"આજ્ઞા પ્રભુ !" કરજોડી ઉભી ધન્ય છે તુજને સતી !
"આજ્ઞા ત્હને ના હોય દેવી ! તું હૃદયમંદીરની,
જીતો તમે સ્હેજે થતી જ્યાં હાર મ્હોટા વીરની."

"તરવારથી છે તીવ્ર ઘા તરુણી–નયના બાણુના,
કીરણુ તમારાં તેજનાં અતિ તીવ્ર કરતાં ભાણુના.
પાગલ બનાવ્યો પિંગળા ! પૂરેપૂરો ત્હેં પ્રેમમાં,
એવી શી ! કયાંથી ? ક' ભરી, મોહીની ત્હારા નેનમાં ?"

જાદુ ભર્યાં શાં આંખમાં જેથી, અમે ઘાયલ થયાં ?
આ નેત્ર–ચાળા શીખવે ! એ'વાં ગુરુ કે'ને કયાં ?
આંખલડીના અણુસારથી શાં કાળજે કામણુ કર્યાં ?
આ'વીજ ભુરકી નાંખવા શું ભરથરી સાથે વર્યાં ?"

"અણિયાળી આંખે અવનવાં લુચ્ચી ! અટકચાળા કર્યાં,
ચતુરાઇથી ચતુરા તમે તન મન અને હૈયાં હર્યાં.
મંડપ વિષે પણ ચ્હેન ચાળાં ખુબ કીધા'તાં ગળ્યાં ?
કો'ને જરા કે કોણ ? એ ઉસ્તાદજી તમને મળ્યાં ?

"તિરછાં નયનના બાણથી ભેદયાં-હૃદય-દુર્ગો તમે,
પ્રેમાળ પિંજરમાં પુર્યાં પ્યારી ! હવે કેદી અમે."
"છો કોઇના નહિ નાથ પણ મ્હારા તમે હમ્મેશના,
"પ્યાલા ભરી પાજો તમારા પ્રેમના, પરમેશના."

પ્રેમી પ્રવેશો આ અને આગળ હજુ ભજવઇ રહ્યાં,
રીસામણાં રાધા કુન્હૈયા કો'નનાજ શરૂ થયાં.
વાંકું જરી કૈં પિંગળાને છેડખાનીમાં પડયું,
ત્યાં તો "મ્હને બોલાવશો ના જાવ" એ બ્હાનું જડયું.

રાજા મનાવે રાણીને "જો માન મા'રી વાતને,
પાસે હજુ હાં ! આવ, જો કૈં કાનમાં કહું હું ત્હને."
પાસે ગઇ જ્યાં પિંગળા ચુમી ભરી ભર્તૃહરિ,
ઉલટી રીસાણી રાણી "લુચ્ચા ! જાવ હા–બા–લ્યો વરી !"

"પાસે પધારો ! કૈં કહું ! બોલાવી ભોળી છેતરી,
અડશો નહિ ! અમને હવે બોલાવશો ના ! હા ! ફરી !
લુચ્ચાઇ મ્હેં જાણી તમારી વાત કે'વાની ખરી,
આ'વા અડપલા ! આમ કરતાં ! કૈં વિચાર પડે જરી !"

"અપરાધ ! કરજો માફ ! દેવી ! દાસનો જો કૈં થયો,"
કહી ભરથરી હી હી કરી ત્યાં ખડખડાટ હસી પડયો.
"હે જગ્ત અંબા ! આપ તો કરુણાળુ ! બહુ કે'વાવ છો,
દ્રષ્ટિ દયામય નહિં કરો શું ? આમ છેક રિસાવ છો."

"મુજ હાથમાં તા'રી ભુજા માબાપ તા'રાએ મુકી,
"સમજી !" તું મ્હારી માલીકીની ત્યારથી સૌ થઇ ચુકી.
વસ્તુ મ્હને સોંપી પછી કે' પૂછનારો કોણ છે ?
મા'રા વિના આ પુષ્પને ઉપભોગનારો કોણ છે ?

વારૂ ! નહિ બોલે ! ખરૂ ને ? એમ કે ? તો જાઉં છું,
લે બેસ ! ત્યારે ચંદ્રિકાને મ્હેલ હું સિધાઊં છું.
શું ? સાંભળ્યું કે ? જાઊં છું !....રે'જે હવે તું માનમા,"
"જી....હા....ખુશીથી જાવ....બેલાશક પધારો ના તમા."

ફાવ્યો ન દાવે ભરથરી ! પાસો અરે ! અવળો પડયો,
સમજાવવી શી રીત ? ત્યાં ઊપાય અત્યુત્તમ જડયો.
રૂમાલથી છોડી અમરફળ બ્હાર કા'ડયું હાથમાં,
દેખાડતો બોલ્યોઃ-જરા ! જો તો ખરી આ પ્રિયતમા !"

"હાં ! હાં !" કરી કર સાહીને રાણી હૃદય વળગી પડી,
"વસ્તુ અલૌકિક આપને પ્રાણેશ કયાંથી એ જડી ?"
જયાં જાય લેવા પિંગળા રીસાય ત્યાં ભર્તૃહરિ,
"નહિ બોલવાની તું હતી ને ? કેમ બોલી હેં ! ફરી ?"

"નખરાં કરો કોટી છતાં આખર અમારી જીત છે,
ખેંચાવ લો'ચુંબક સમા એ'વી અમારી પ્રીત છે.
લે બોલ ! 'હું હારી હવે ! જીત્યા તમે' કે'વી મઝા ?
લે બેસ ! જાવું અમરફળ આ આપવા, લઈશું રજા."

ક્યાં જાવ છો ? ઉભા રહો, જાવું હવે સ્હેલું નહિ,
કો'ને અમરફળ આપવા લઈ જાવ ? કો' ખ્હેલું અહિં.
પરણી અને બાળ્યો અમારો ભવ હવે જાશો કહિં ?
જાવું હતું તો હાથ પકડી શીદ કો' લાવ્યા અહિં ?"

"મંગાવ્યું રાણી વ્હાલીએ ! હું આપવા લઇ જાઉં છું,
એ'ને દીધો છે કોલ મ્હેં ! જઈ આપવા બંધાઉં છું."
"મા'રા થકી વ્હાલી વધુ કો' કોણ એવી નાર છે ?
મુજથી વધારે કો'ની સાથે પ્રાણ ! તમને પ્યાર છે ?"

"પ્યારી તમારી કોણ ? ને ક્યાં રે'છ એ ? શું નામ છે ?
સૌંદર્ય એ'વું કેટલું ! જે તમ હૃદય-વિશ્રામ છે ?
સાંભળ સુભાગી પિંગળા ! શું રૂપનું વર્ણન કરૂ,
શીતળ ફુવારો પ્રેમ-પાણીનો જતાં પાસે ડરૂં."

સૌંદર્યમાં લાલિત્યમાં માધુર્યમાં ત્હારા સમી,
બારે ઘડી મ્હારે મને એ સુન્દરી રે' છે રમી."
"પણ નામ શું ? તે તો મ્હને કોંની હૃદયવલ્લભ ! જરા !
અમને બનાવો ક્યારનાં ? શું ? આમ વાહ્ કો'તો ખરા ?

"છે પિંગળા પ્યારૂં મધુરૂં નામ એ મહિલા તણું,
કે' એમ સર્વ કબૂલ એ ! એની હું હાએ હા ભણું;
તે દિવ્ય દેવી આ રહી સ્થાપિત હૃદયમંદીરમાં,
મૂર્તિ મનોહર દેવીની ! તે તુંજ બીજી કોઈ ના."

હસતાં ગુલાબી ગાલ પર ધીમો તમાચો મારીયો,
ભર્તૃહરિએ ભોળવી ભામીની–ક્રોધ નિવારીયો.
શરમાઇ ગઇ ત્યાં પિંગળા મુખચંદ્ર સે'જ નમી ગયું,
ઓછું મધુરૂં સ્મિત મૃદુ અધરો ઉપર વિલસી રહ્યું.

આપ્યું અમરફળ ભરથરીએ પિંગળાના હાથમાં,
ક્યાંથી મળ્યું ? વિસ્તારપૂર્વક તે કહ્યું સંગાથમાં.
"લાવી કટારી કાપ ને આરોગ જોઉં ? સુન્દરી !
રીઝાવ હમ્મેશાં મ્હને યૌવન અમર ત્હારૂં કરી."

"હમણાં નહિ ! રાખો સ્હવારે સ્નાન–પૂજા સૌ કરી,
ખાવા પછી હું પ્રેમથી તમ ધ્યાન અંતરમાં ધરી.
"વારૂ ભલે ! પણ ભૂલજે ના....ગાન ગા જોઉં કંઇ !
બહુ વાર વીતી તોય કોકિલકંઠની ઝાંખી નહિ."

ઉંચુ અમરફળ એ મુકી કરમાં વીણાં લીધી અહા !
મીઠા સ્વરે આલાપથી શરુઆત કીધી પિંગળા !
લહરી પવનની આવતી તે ગામને ખેંચી જતી,
ગાંધર્વ–કન્યા કિન્નરી તો મ્હેલમાં ગાતી નથી ?



"મહિની મટુકી."

(પનઘટપેં મ્હને છેડી .. રાહ)

મહિયારી;- "મહિની મટુકી' ··· દઇ દે મ્હારી ...
શિદને સતાવે કહનૈયા? (૨)
અહિંયા ઉતારી... ગઇ'તી ભોળી ... (સ્હેજ)
(એટલામાં તો!) કંકર...મારી... ઢોળી...કહનૈયા......

દઇ દે મટુકી મ્હારી......
ગોરસ ઢોળ્યું......(કયાં છે?)...(૨)
(આ શું રહયું ?)મટુકી છુપાવી...(વળી !) (૨)
છાજે શું નંદના છૈયા?
હા! બળ્યું! શિદને સતાવે કહનૈયા?

(તહમે શું ?) ઘેલા! ત્હને તો હસવું આવે!
(પણ!) દાઝે હમારા હઇઆં
હા...બા...શિદને સતાવે કહનૈયા?

ઘડીભર ગમ્મત......આ'વી હોયે......
બહુ શોભે શું કૈં આ...?
હજુએ શિદને સતાવે કહનૈયા ?

કૃષ્ણજી આપે......(પછી) પજવી...પજવી...(૨)
"લે મહિયારી...ડૈયા" ...
લુચ્ચા!... શિદને સતાવે ભૈયા! હા......?
પાથરે પાલવ...હારી મહિયારી...(૨)
(તવ) દે **પ્રભુ!** જય! જય! લીલા...કહનૈયા.

ભર્તૃહરી:-- બસ!હવે છેવટની "**પ્રેમ હેલી**" ની સંગીતધારા છોડી તેમાં ભિંજવા મ્હારાહૃદયને!

(મહિની મટુકી દઈ દે મ્હારી...રાહ...)

રાધા;- જલની ગગરીયાં દઈ દે મ્હારી

પજવે બળ્યું! શું કા'ના......?

(કાંઠે મૂકી ......વાતે વળગી...જરા!)

(ત્યાં તો!) સંતાડી છાનામાના......

જાણ્યું? દઈ દે...ગગરી કા'ના...જલની...

મોડું થાશે......માત ખિજાશે......

(માટે!)

નિર્દય ...છેક...તું ! થા...મા...કા'ના...

યમૂના કાંડે......**રાધા!** માંગે......

કૃષ્ણ કહે છે ના...ના...કા'ના...

શ્રી કૃષ્ણ:— "**ઘડીભર ગમ્મત**" એ તો ગાંડી...

આવડી...રીસ...શું આ'માં ?......

સમજી ? બ્હાવરી બાળા થા...મા...

"**પુષ્પ**" **કથે** છે...કવિવર જો! જો!

પ્રભુમાં હો! મસ્તાના...કા'ના...

હરિગીત

સંગીત સાથે તાલ ને ઠેકા ભુલે છે પિંગળા !
બેચેન જાણે હોય ના ! ઢાંગો કરે છે પિંગળા
ભર્તૃહરી બોલ્યો "કહે ના કે" તું આજ ઉદાસ છે,
સંગીતમાં ભૂલેછ તું," મિથ્યા પ્રભુ આભાસ છે."

"મિથ્યા નથી પણ સત્ય છે, માધુર્ય તુજ કંઠે નથી,
આવે ચુકે છે કેમ તું ? શુ પ્રકૃતિ સારી નથી ?"
"કૈ સાર કે'વામાં નહિ ! છોડો હવે એ વાતને.
કારણ નજીવું, માલ ના, પડતી મુકો પંચાત એ

મર્માળ બોલો સાંભળી રાજાથી રહેવાયું નહી,
છુપું દરદ અર્ધાંગનાનું સ્હેજ સ્હેવાયું નહિ
પૂછ્યું "કહીદે ગુપ્ત એ'વી સ્વામીથી શું ચીજ છે ?
કહી નાંખ કે ગંભીર ગમગીની તણાં શું બીજ છે ?

"ઉપચાર કરીએ ચાંપતા નહિ રાખ મુઝવણમાં મ્હને,
જે હોય પડદો ખોલ તે નિઃશંક ! સોગન છે ત્હને."
બ્હીતી અને રડતી વદી તવ ફેલ કરતી અવનવા,
"કાલે ગયા મ્હાદેવ–દે'રે આપ જ્યારે પૂજવા!"

ન્હાના તમારા ભાઇ વિક્રમ તે સમય આવ્યા હતા'
છે છુટ અહિં આ આવવા ! તેથી ન અટકાવ્યા હતા
અવળી મતિ શું ઉપજી કુદ્રષ્ઠિ મ્હારા પર કરી,
તમને કહું શું હાય! જાયે! નહિ કહ્યું જીભે જરી!"

બોલ્યાં અઘટતાં વેણુ ને નિર્લજ્જ માગણી હા કરી,
પણ મ્હેર શ્રી મહાદેવની! કે કિંકરી આ ઊગરી.
ખોટું કહ્યું, 'આવ્યા તમે' બ્હીવડાવવા કામાંધને,
ચાલ્યા ગયા ગભરાઇને ! આવે ભરોસો આપને ?"

"આવે નહિ વિશ્વાસ જાણી કાંઇ પણ બોલી નહિ,
ગ્રહ– એબ સ્વામીનાથ! મ્હેં આ જીભથી બોલી નહિ."
કલ્પિત કથા આ સાંભળી ભર્તૃહરિ ગુંચવાઇ ગયો,
જાગ્રત અગર છું ઉંઘમાં ? હું" એજ ભ્રાંન્તિમાં પડયો.

(સ્વગત.)

"દાનત બગાડી વિક્રમે! ઓ દેવ હું શું સાંભળું?
સાકર ટળી સોમલ બન્યું ! સત્યાંશ એ'માં શું ખરૂં
શું સાંભળું હું ? આજ અક્કલ કામ કૈં કરતી નથી,
આ સત્ય છે ? કે સ્વપ્ન છે? સમજણ જરા પડતી નથી."

"ના! ના! બને નહિ વાત! માન્યામાં કદી આવે નહિ.
નિર્મળ સવિતૃ દેવમાં! શંકા કરો! ફાવે નહિ.
વિક્રમ વિશુધ્ધ હૃદય તણો અપકૃત્ય આ'વું ના કરે,
જુઠ્ઠી હશે શું પિંગળા? ત્યારે કયું સાચું ખરે?"

"પણ નહિ....વદે ખોટું! ચ'ડાવે આળ એ'ને ઝે'ર શું ?
આરોપ શાને એ મુકે! વિક્રમથી એ'ને વેર શું
બાકી જુઓ તો બેઉ એ એકેકને ચાહે બહુ ,
માતા ગણે જ્યાં પિંગળાને! પૂજ્યભાવે! શું કહું

બોલ્યો પ્રકટ "મમ ધ્યાનમાં આ વાત તુજ આવે નહિ,
જોયુ હશે સ્વપ્નું પ્રિયા ભણકાર મે'લાવે નહિ.
નહિ તો ખરૂં પૂછો! કહું વિશ્વાસ વિક્રમનો મ્હને,
કદિ તું ચળે! પણ એ એ ચળે, એ'વું કદાપી ના બને."

" એ કેમ માન્યું જાય ? હીરો ! પત્થરે પલટાઈ ગયો !
સાક્ષી પુરે મુજ હૃદય કેરો નાદ 'નીચ નથી થયો.'
સૌન્દર્ય ત્હારૂં જોઇ રાજા ઇન્દ્ર ભાન ભુલી ગયો,
માન્યું મનાએ એ હજુ ! પણ ભાઇ મમ બાજુ રહ્યો."

તુજથી વધુ વ્હાલી ! મ્હને એ'ના ઉપર વિશ્વાસ છે,
તું માન કે નહિ માન પણ આ ઝાંઝવા–જળ ભાસ છે."
" જોયું ? હતી હું જાણુતી, કે કોઇ આ માને નહિ,
જુઠ્ઠી પડી કે'વા જતાં જરીએ ધરી કાને નહિ."

"અબળા હું મુઇ અભાગણી ! જે વાત મ્હેં તમને કહી,
ધિક્કાર મ્હારી જાતને કે વાત પેટે ના રહી.
આ પંગળા ખોટી ઠરી જીવન હવે ધરવું નથી,
વિશ્વાસ ઉઠયો ! ખોળીઉં વ્હાલું હવે કરવું નથી."

"પોતે પતિ માને નહિ તો લોક તો ક્યાંથી પછી ?
જુઠ્ઠી ઠરાવો આપ જ્યાં ! રાખે બિજા બાકી કદી ?
વર્ષો થયાં, સાથે રહ્યાં, વિશ્વાસ તોયે ના પડયો,
શું ? અર્થ અણુવિશ્વાસિનીનો *દે રહ્યો યા ના રહ્યો ?"

ઢોંગી ખરાવે આંસુડા ધિક્કાર દેતી જાતને,
બાકી ન રાખ્યું કાંઇ પણ સાચી ઠરાવા વાતને.
આ આંસુડાથી ભુપ ભોળો ભોળવાઇ સ્હેજે ગયો,
વિક્રમ ઉપર નિજ હૃદયમાં શંકા ફરી આણી રહ્યો.

---

*દે'=શરીર.

દોહરો:—પ્રથમ નયન–શર, આંસુડાં દ્વિતિય, તૃતિય સોગન.
દિગવિજયી ત્રણ શસ્ત્ર આ ! સ્ત્રીને દીધા ભગવન !

(હરિગીત.)

"સોગન તમારા નાથ ? ખોટી વાત જો આ હોય તો,
આથી વધુ શું જોઇએ તમને પ્રતિતિ કાન્ત ? કો ' ?"
ગદ્‌ગદ્‌ સ્વરે રડતી નિહાળી રાજવીએ પિંગળા,
પિગળ્યું હૃદય બેઠી કરી ભુમિ ઉપરથી પિંગળા.

ચાંપી હૃદય સરસી અને આંસુ રૂમાલે લૂછિયાં,
ભુલે ભલા ? સ્ત્રી ચરિતથી ? તો ભરથરી લેખે કયા ?
"રડતી રહે ? લે ? પિંગળા હમણાંજ હું આ જાઉં છું,
"શું સત્ય છે ?" એ વાતની સત્વર તપાસ કરાવું છું ?

"એવી ઉતાવળ શું પ્રભુ ? બોલ્યા વિષે નહિ ફાયદો,
'થાશુ ન થાયું થાય ના' ! કિરતારનો એ કાયદો.
ઘર ફૂટતાં ઘર જાય ! કાંઈ એમને કે'શો નહિ,
મ્હોટો ગુહ્નો મન મો'ટું રાખી લક્ષમાં લેશો નહિ."

બહુ બોલી ડાહ્યા બોલ શંકા હૃદયમાં સજ્જડ કરી,
વિક્રમ ઉપર બહુ વ્હાલ છે નહિ દ્વેષ જાણે કંઈ જરી !
પ્રેમાંધ રાજા ક્રોધમાં એ મ્હેલને ત્યાગી ગયો,
ને આ પ્રસંગ અપૂર્ણ આ ઘટના તણો અહીંથી રહ્યો.

* * * * *

ઉપજાતિઃ—લીધી રજા રાજવી...એ ગયો જ્યાં,
કામાંધ એ યાર! છુટો થયો ત્યાં.
" માંગી રજા", ઘેર યદા જવાની.
જીહ્વા તદા ત્યાં! ખુલી પિંગળાની.

માલિનીઃ—નિજ પતિ નૃપને હા! કે'વી રીતે ચઢાવ્યો!
ફસવી સ્ત્રી–ચરિતે હા!...બે ઘડીમાં બનાવ્યો.
નડતર રુપ કાંટો...મૂળથી સાફ કીધો,"
અમરફળ દીધું ને—ગુણ સમ્જાવી દીધો.

ઉપજાતિઃ—આરોગી! થાજો! અવિનાશી વા'લા!
જો! જો! પડે જાણ! ન કોઇને આ.
વ્હાલું નથી કોઇ મને...તમોથી,
નીભાવજો પ્રીત કરી અમોથી.

(હરિગીત)

લઇને અમરફળ મૂઢ એ'વો અશ્વપાલ ગૃહે ગયો,
આ ભેટ કરવું વ્હાલીને! એવો તરંગ ઉરે થયો.
ઉજ્જયિનીમાં વારાંગના પ્રખ્યાત નામ કલાવતી,
જ્યાં નિયમસર આ અશ્વપાલકની સવારી આવતી

આપ્યું અમરફળ હેતથી જઇ અશ્વપાલે ત્યાં અરે!
"સંગીત થાવા દે હવે....જેથી હૃદય વ્હાલી! ઠરે!"
બેભાન બબ્બા બ્હારમાં....પ્યાલી ઉપર પ્યાલી ભરે,
સ્વર્ગીય એ'વો સ્વાદ શું? તે કંઠમાં ખાલી કરે.

મન—અશ્વપાલ મનાવવા સંગીત છોડયું સુન્દરી,
આકાશ—ગંગા શું નહિ શંકર—શિરે જાણે સરી !
રમણી નુપૂર—ઝંકાર જેવાં તાર ઝણ ઝણ થઇ રહ્યા,
પાણી—ગ્રહણ કરી કંઠ—વીણા બેઉ એક થઇ ગયા.

પનઘટપે મ્હને (નૃત્ય-તર્જ) છેડી...રાહ.

કલાવતી—રે...મહિની મટુકી મા'રી ફોડી...એ નંદલાલે...
દેખાડવા હું તો દોડી...જશોદાને—મહિની
ત્યાં તો પછાડીથી...પાલવ સાહ્યો, (૨)
ખેંચાતાણીમાં મા'રો—સાળુ વિંખાયો,(૨)
વેણી વિખરાઈ, (૨) શ્વાસે ભરાઇ, (૨)
મોહનમાળા મા'રી તોડી......કહનૈયાએ......
હાથો ખેંચી ખેંચી કંકણુ નંદવ્યુ, (૨)
નાકની નથનીમાં મોતી નથી રહ્યું, (૨)
કમર લચકાઇ, (૨) ભમર ભિંજાઈ, (૨)

(છેવટ !)

પજવી પજવી...મ્હને છોડી...છેલૈયાએ...મહિની.

એ અશ્વપાલ ગયો પછી વેશ્યા મને વીચારતી,
જે ચીજ દુર્લભ દેવને, આરોગવા લલચાવતી.
આવી અનાયાસે વિભુ? વારાંગનાના હાથમાં,
ચરણે મુકું જઇ ભેટ આ....સદ્ધર્મિ માલવનાથના."

રાજા ભરથરીની કચેરી.



સાચું કહે પાછું મને, આ અમરફળ ક્યાંથી મળ્યું
જૂઠું વદ્યા જો સહેજ તો, તો જાણજે આવી બન્યું.

"આરોગી શું આ'ને અમર થઈ આ'વું જીવન ભોગવું ?
ઓછું કર્યું છે પાપ ? ને જીવી વિશેષ વધારવું ?
આ જીંદગી પાપી હવે લંબાવવી મ્હારે નથી,
આ ભૂમિને દુષ્કૃત્યથી વધુ મારવી ભારે નથી."
"રાજા અમર થઇ ન્યાયથી માલવ—પ્રજાને પાળશે,
કંઇકો નિરાશ્રિત રંકના નિર્ધનપણાને ટાળશે."
આ'વા વિચારે ફળ લઇ શૃંગારસજ્જ બણીઠણી,
રાજેન્દ્રને ગઇ અર્પવા દરબાર ભુવનની ભણી.

* * * *

આ વાત ત્યાગી વાંચીએ ભર્તૃહરિએ શું કર્યું
જે કાજ ફેંક્યું તીર રાણીએ સર્યું કે ના સર્યું.
આવી ઉભો વિક્રમ વડીલ ભ્રાતા કને તેડાવતાં,
"આજ્ઞા શું મ્હોટા ભાઈ ?" કરજોડી વદ્યો એ આવતાં.

વાણી ખુલી ભર્તૃહરીની રક્તમુદ્રા શું થઇ ?
જે લાગણી મનમાં હતી, પ્હેલાં હવે તે નાં રહી,
"વિક્રમ ! કહે તું કાલ રાતે કયાં ગયો'તો સત્ય એ.
જાણુંછ હું નાહક ન દેતો સ્થાન મુખ અસત્યને."
અવલોકી મુખમુદ્રા અચાનક વ્હેમ વિક્રમને પડયો,
શા માટ પૂછયો પ્રશ્ન આ ? તર્કે વિતર્કે એ ચ'ડયો.
કમળો થયેલો હોય તે પીળું પીળું સઘળે જુએ,
દ્રષ્ટિ શુભાશુભ હોય તેવી શુભ અશુભ સૃષ્ટિ જુએ,

ફિક્કો પડેલો જોઇને શંકા સબળ થઈ છે મને,
"ફાંફાં શું મારે નીચ? પૂરો ઓળખ્યો છે મ્હેં ત્હને.
કે' જોઉં કાલે પિંગળાને મ્હેલ શા માટે ગયો?
માથેછ મ્હોટાભાઇ તે'નો ધાક શું વિસરી ગયો."

"કૂદ્રષ્ટિ ભાભી પર કરી! આંખો ફુટી ગઇ કેમ ના, ?
જીહ્વા કપાઇ કેમ નહિ....ઉચ્ચાર કરતા પ્રેમના?"
અણુચિંતવ્યો આરોપ **વિક્રમ** સાંભળી સ્થંભી ગયો,
સમજ્યો નહિ! નાટક બધો શા ભેદનો ભજવઇ રહ્યો,

બહુ ઝાળ લાગી અંગમાં હિંમત કરી બોલ્યો પછી,
"ઓ ભાઇ! મ્હોટાભાઇ! શુદ્ધિ આપને શું કૈં નથી,?
કો'ને કહો? ને શું કહો? એ વાતનું કૈં ભાન ના!
શું વાત? પાયો વાતનો? શાનાં બધાં તોફાન આ!"

"સમજ્યો નિશામાં હું નથી, સંપૂર્ણ મુજને ભાન છે,
છે ભોટ નહિ આ ભરથરી! શું બોલું છું, તે ધ્યાન છે.
મુજને ઉડાવે આમ અણુજાણ્યો બની નહિ સ્હેલ એ,
ગંભીર ન્યાય-વિષય રહ્યો, નહિ બાળકોનો ખેલ છે."

"પાપી પ્રપંચી નીચ ત્હેં વિશ્વાસઘાત મહા કર્યો,
અવળું સુઝયું! બુદ્ધિ બળી ગૈ! છેક દી ત્હારો ફર્યો."
"ઓ ભાઈ! બંધ કરો તમારૂં બોલવું સાચું કહું,
આગળ સૂણાશે નહિ હવે! મ્હોટા ગણી સૂણી રહું"

જોયા વિના! જાણ્યા વિના! અન્યાય મુજને થાય છે,
આ એકતરફી વ્હેમ! ચોખ્ખો પક્ષપાત કરાય છે.
શું! ન્યાયનો નિર્મળ ઝરો વ્હેતો બધો સૂકાય છે?
સદ્ધર્મ નીતિ ન્યાય સૌ તમને તજી શું જાય છે?"

*કુમકુમ તમારી કીકીએ કાજળ! અરે! દેખાય છે,
હીરો પડ્યો છે પાસ પણ તે કાચ અવલોકાય છે.
સર્વે જુએ જે સુર્ય તે તમને +શશિન્ દેખાય છે,
શંકા મ્હને તો આપના અસ્તિત્વમાં પણ થાય છે."

"પુરવાર વાંક પ્રથમ કરો! સાક્ષી પુરાવા કેટલા?
આરોપી શું કેહે છે! તે'નુંય સાંભળવું ભલા!
દોરાઈ દુશ્મન-શિખથી સત્ માનવું એ ભૂલ છે.
ભરમાઈ સંશય આણુવો ભંભેરણીથી ભૂલ છે."

"વાદી પ્રતિવાદી તણું કે'વું બરાબર સાંભળો,
દિલથી કરો દુર વ્હેમ! એ! નરને બનાવે આંધળો."
"બ્હાના જવા દે આ બધા કૈં કાન પર ધરવું નથી.
ભાષણુ નીતિનું ભરથરીને તા'રૂં સાંભળવું નથી."

"કર કાળું જા! બંધુ! ગણીને જીવતો છોડું ત્હને,
બસ આ પળે ને આ ક્ષણે! તું ત્યાગ મ્હારા રાજને.
આ ભરથરીના રાજની અંદર કદી રે'તો નહિ,
જીવે! મરે! તુજ ભાઇ મ્હોટો! એ ખબર લેતો નહિ."

---

*કંકુ. +ચંદ્રમા.

"ન્હોતી ખબર વિક્રમ! મ્હને અફસોસ! તું આ'વો હશે,
પાસે રહીને, ભાઈનુ, તું ઘર અરેરે ઘાલશે,
કીર્તિ ઉપર પાણી મુકયું, શીખ્યો બહુ પણ ધુળએ.
કંઈ વૃક્ષ સુંદર દ્રશ્યમાં હા! ઝે'રી જે'ના મુળ છે.

"સાબીતી શી માંગે ? વધુ જ્યાં પિંગળા પોતે કહે
બહુ બહુ કરીને કેટલા દિન પાપ તે ઢાંકયું રહે ?"

(સ્વગત વિચારો)

વસંત તિલકાઃ-જ્યાં પિંગળા ! શ્રવણ નામ થયુંછ કાને !
ત્યાં યાદ થઇ ! વરસ બે-બની, વાત રાને.
ચેત્યો ચતુર વીર વિક્રમ ! "વેર લીધું !"
જીત્યો મ્હને શુભ! ખરે! વળી જ્ઞાન દીધું.

માલીનીઃ—ચરિત્રે—ભામાના.. ધીર, વીર, નહિ કોઇ ફસજો,
મુખે મીઠું બોલી...બહુ હસવશે! નહિ હસજો.
લુભાવી સૌન્દર્યે...ગરદન પરે ઘાવ કરશે,
ભરોસો ભામાના...વચન પર કરે (તે) નક્કી મરશે.

(હરિગીત) (પ્રત્યુત્તર)

"તો જાઉ છું ભ્રાતા ! હવે 'બે બોલ' મ્હારા સાંભળો,
કારણ ? ભવિષ્યે શું ખબર ! પાછાં મળો યા ના મળો !
"હમણા કહુ તે સર્વ કડવું ઝે'ર જેવું લાગશે,
પણ યાદ કરશો કોઇ વેળા જબરી ઠોકર વાગશે.

" જે પિંગળાના પ્રેમમાં આંખો ગઇ છે આપની,
અદૃશ્ય થઈ છે સમજ–શકિત પૂણ્યની ને પાપની."
" તે પિંગળા પ્યાલી ભરીને ઝેર તમને આપશે,
જેને લગાડો છાતીએ ગરદન તમારી કાપશે."
"હમણાં નહિ માલમ પડે, આંખો નહિ આ ઉઘડે.
પણ ભાન ત્યારે થાય ફટકો જ્યાહરે માથે પડે."
"ખત્તા તમે ખાશો, પછી પાછળથી પસ્તાશો તમે,
દિન એક એ'વો આવશે! આંખો ભરાશે તે સમે."
"હમણાં નહિ સુઝશે કંઈ! અમૃત અગર એ ઝે'ર છે,
કૃત્રિમ પ્રીતિ પ્રેમ જે! તે બે ઘડીની લ્હેર છે."
"દોષિત ગણીને હાલમાં બંધુ! મ્હને ધિક્કારશો,
પણ વખત આવે! ભાઇ! મ્હારા ભાઇ! કહી પોકારશો."
"ચારિત્ર્ય ને વર્તન ઉપર છો! હાલ શંકા આણશો,
એકેક મ્હારા શબ્દની કિંમત સમય પર જાણશો."
" વૈરી હિતૈષી હું હતો? કે'વો? તમે સંભારશો.
શબ્દો બધાં સંભારી આ! આંસુ નયનથી સારશો."
"કો'ની થઇ છે કામિની? કે ભાઈ! થાશે આપની,
બાળે સ્મશાન–ચિતા નહિ પણ બાળશે સંતાપની."

(કંચન! કાન્તા! અને વસુંધરા! એ ચંચળ ત્રિપુટી! કો'ની થઇ છે? કો'ની સાથે ગઇ છે?)

"વિશ્વાસ વનિતાના વચન પર કો કદી કરશો નહિ.
ભંભેરણીથી ભોળવઇ જઇ કાનને ભરશો નહિ."

"હ્યો જાઉં છું, હા ! જાઉં, મ્હોટા ભાઇ ! મા ! સંભારજો.
વિક્રમ પછાડી આંસુડા બેએક પણ નહિ પાડજો "
"સેવા વિષે તૈયાર ! પડતાં ભીડ કૈં બોલાવજો,
છેવટ કહું વિશ્વાસ રાણી પર બહુ ના રાખજો,"

ત્યાગી સદાનો મ્હેલ, ભાઈ, ભાળવા, વિક્રમ ગયો,
જંજાળ દુનિયાની તજી યોગાશ્રમે જઇને રહ્યો "
" બીજે દિને ભર્તૃહરિ રણવાસમાં જ્યારે ગયો,
વિસ્તારીને વીતક પ્રસંગ સખેદ રાણીને કહ્યો.

કલ્પાંત કીધું રાણીએ નિજ ધુર્તતાને ઢાંકવા,
"ઘેલાં પિયુ ! શા દેશપાર–હુકમ દિયરને આપવા ? "
આઘાત લાગ્યો હૃદયમાં શું હોય ના ? ત્યમ બોલતી,
પોકળ હૃદય–પડદા બહું ડુસકાં ભરી ભરી ખોલતી.

તવ ભરથરી બોલ્યો "જવા દે ! થઇ ગયું, તે થઇ ગયું,
આરોગ્યું પેલું અમરફળ કે એમનું એમજ રહ્યું "
વાહ ! વાહ ! અરે !ભુલાય એ તે ! સ્વામી !શુ ગાંડા થયા
હે દેવ ! આ દેવી તમારાં કયારનાં એ ખૈ ગયાં ?

આ વાત ચાલે છે ત્યહાં પરિચારિકા દાખલ થઇ,
'મહારાજ કાં'વ્યુ છે સચીવે બહારથી વન્દન કહી
વિક્રમ ગયાથી ભુપતિ હો ! હા પ્રજામાં થઈ રહી,
હડતાળ હાટે ચોકમાં રૈયત દિવાની થઈ ગઇ "

" સરદાર ને સેનાપતિ પણ ખૂદ ઈચ્છે છે રજા,
એવો ગુન્હો શું ભાઇનો ગંભીર જે આ'વી સજા ? "
ભુપાળ સંભ્રમમાં પડયો બોલ્યો ફરી દાસી પ્રતિ,
" જા જઇ કહે દરબારમાં હમણાં પધારે ભુપતિ "

ઉત્તર કહાવી પિંગળાનો મ્હેલ નૃપ છોડી ગયો,
ગંભીર ચ્હેરે શોકથી દરબારમાં આવી રહ્યો.
બોલ્યો પછી "સઘળા તમે સમજુ છતાં આ શું કરો ?
રાજા તમારો ધર્મ ચુકે ! વ્હેમ દીલે ક્યાં ભરો ? "

" અન્યાય મારા હાથથી થાશે ન કોને ના થયો,
ગુન્હો કર્યા વિણ ભાઈ મારો નગ્ર શું છોડી ગયો ? "
"ચાહો તમે, હું ચાહું છું, મ્હારો સગો એ ભાઈ છે,
પણ ન્યાય પ્હેલો ને પછી સંબંધ, સ્નેહ, સગાઇ છે."

"આ ન્યાયના પલ્લા વિષે નહિ પક્ષ કોનો થાય છે,
સર્વે સમાન પછી ભલે હો રંચ યા તો રાય એ."
"ડાંડી નમે જે'ની પ્રતિ તરફેણમાં તોળાય તે,
ઉંચકાય જે'નું ત્રાજવું તે'નેજ શિક્ષા થાય છે."

"મા, બાપ, ભાઇ બ્હેન સ્ત્રી સ્નેહી સગાંના વ્હાલને,
બાજુ મુકાયે! ન્યાય એક ! કુબેરથી કંગાલને."
"પોતે કરેલાં પાપ ભોગવવાં બધાં બંધાયલાં !
છે દોષ એ'ના દૈવનો ! કર્મે લખેલું થાય હા ! "

"જે જે સમય નિર્મિત જે તે તે સમય તે થઇ રહે,
દુનિયા ભરી સુખ–દુખથી (શું?) હમ્મેશ રડવું પાલવે?"
મોંઘમ વદીને ભરથરીએ સર્વને સમજાવીયાં,
" માથું ભમે મ્હારૂં" કહી નિજ મ્હેલ ભૂપ પધારીયાં,

આ વાતને વીતિ ગયાં છે, બે દિવસ આજે પુરા,
સિંહાસને દર્શન થતાં માલવપતિ મ્હારાજના.
દરબારમાં ચર્ચા રસીલી " પ્રેમ " પર ચાલી રહી,
ત્યાં તો કલાવન્તી અમરફળ સાથ લઈ હાજર થઈ.

વારાંગનાએ હેતથી એ ભરથરી ચરણે ધર્યું,
પ્રસ્થાન કાજે ! ભેટ મૂકી ! એક પગલું જ્યાં ભર્યું.
ત્યાં તો "સબૂર" ધ્વનિ તરત કાને કલાવતીને પડ્યો,
"કોણે ત્હને આ ફળ દિધું એ ભર્તૃહરિ પૂછી રહ્યા.

"મ્હારાજ ! યોગીએ દીધું!" "રે'નાર કયાંના એ ઋષિ!"
મળવું મ્હને ! મેળવ ઋષિ ! એવી ઉરે ઈચ્છા વસી"
"ચાલ્યા ગયા એ તો પ્રભુ!" ત્હારે ગૃહે કયમ આવિયાં!"
યોગી પછી વેશ્યા–ભુવન શું જોઇને શોભાવિયાં!"

ઝાંખી પડી વારાંગના વાણી બધી તૂટી રહી,
આ અટપટા પ્રશ્ને કરી બુદ્ધિ બધી ખુટી ગઈ.
શમશેર કા'ડી રાજવીએ રકત નેત્રોથી કહ્યું,
"સાચું કહી દે સાંભળ્યું ના પાપ તુજ ઢાંકયું રહ્યું ! "

વીણા-વેલી અને લલાટના લેખ.



ગાન્ધર્વકન્યા અને વેશ્યા, થઈ [illegible] અરે !
શીયળ [illegible], પતીવ્રત તજે, પાપે પેટ [illegible] ભરે !
લલાટે લખ્યું હોય તે બને.

" તરવારથી ટુકડા કરૂં....જુઠું વદી જો ભામિની,
ક્યાંથી મળ્યું તુજને અમરફળ આ ? કહી દે કામિની."
" આપ્યું તમારા અશ્વપાલે....કાલ આવીને મ્હને,
નિર્દોષ છું, રાજેન્દ્ર હું જાણું, વધુ ના વાત એ,

લાગ્યું મ્હને અઘટિત ! થઈ વારાંગના ! આરોગવું,
લાવી તમોને ભેટ ધરવા ભૂપ ! સાચું માનવું. "
આજ્ઞા થતાં નૃપની અનુચર એક ઘોડારે ગયો.
ક્ષણમાં સભ.માં રાય સન્મુખ અશ્વપાલક આવિયો.

" સત્વર કહે ! પાજી ! ત્હને આ અમરફળ ક્યાંથી મળ્યું"
જો સ્હેજ પણ જુઠું વદ્યો ! તો જાણજે આવી બન્યું."
વારાંગનાને જોઇને સૌ હોસ–કોસ ઉડી ગયા,
મ્હોડું બહુજ દયામણું ! ને ટાંટીયા ધ્રૂજી રહ્યા

માથું ભમે ! ભણકાર માથે મ્હોતના ! વાગી રહ્યાં,
લોચા જીભે ! બહુ બોલવા ઇચ્છા છતાંય વળી રહ્યા.
'મ..મ.મ..મ..મ..મ..મહારાજ ! કો..કો..કોઇએ આપ્યું હતુ'
"બસ ચુપ ! કોઇ ! તે કહે એ આપનાર કયું હતું."

આજ્ઞા કરી સેવક ઉભેલાને નૃપે ફટકાવવા,
જ્યાં માર માંડયો મારવા ત્યાં વાર શી રે' માનવા ?
"પિ..પિ..પિંગળા બોલ્યો અને નૃપ ભરથરી હેઠો પડયો,
ઉપચાર કીધાં અવનવાં ત્યારે ફરી સાવધ થયો ? "

"તા'રો અને એ'નો સમાગમ કેમ ? કયાં ? કયારે થયો."
ભર્તૃહરીએ પ્રશ્ન આ સાવધ થતાં સાથે કર્યો.

(અય માતૃભૂમિ તેરે...રાહ.)

ગઝલઃ—નૃપ અભયદાન આપો...એ અશ્વપાલ બોલ્યો,
આ જીંદગાની બક્ષો...એ અશ્વપાલ બોલ્યો.
મારી હું દીન માગું ! સાચું બતાવું બાપૂ !
કો' "અભયદાન" આપું...એ અશ્વપાલ બોલ્યો,
જા ! અભયદાન દીધું...મન મ્હોટું રાગે કીધું;
તવ ભેદ અશ્વપાલે...આદિથી અંત બોલ્યો...નૃપ...

(હરિગીત.)

"સંબંધ આડો રાણીને....મ્હારાજ મ્હારી સાથમાં,
જેથી કરી આવ્યું અમરફળ આ પ્રભુ ! મમ હાથમાં.
વિક્રમ તમારો ભાઇ નડતર રૂપ રાણીને હતો,
આ વાત જાણી જાય જેથી હું દિલે ડરતો હતો."
"મ્હારાં કહ્યાથી રાણીએ બહુ આપને ભંભેરીયાં,
બાપૂ ! તમારા ભાઇને ખોટું વદી ખરતાં કર્યાં."
ઇતિહાસ આ'વો સાંભળી ક્રોધે ભરાયો રાજવી,
વાણી ભયંકર સાદથી એ અશ્વપાલકને કહી.

"જા....જા....જવા દઉં જીવતો આ રાજમાં રે'તો નહિ,
જો પ્રાણની પરવા ! ફરીથી નામ પણ લેતો નહિ,"
છોડી દીધી વારાંગનાને ભૂપ મ્હેલ પ્રતિ વળ્યો,
જાણે નથી કાંઇ થયું, ત્યમ પિંગળાને એ મળ્યો.

* * * *

"વ્હાલી મને શંકા પડે....ખોટું લગાડીશ ના જરી
ફળ ખાધું ? સ્વાદ કંઇ કે'વો હતો, તેનો કે'તો ખરી?"
"સાકર સમો ! શું પૂછવું ! મ્હારાજ એ'માં તે વળી ?
આ'વી નજીવી વાતમાં શંકા ધરો છો શું બળી ? "
"શંકા નથી પણ સત્ય છે, સાચું કહી દે સુન્દરી !
કંઇ રે'મ દૃષ્ટિ ! હું ન દેખાડીશ પાછળથી જરી ! "
"વિશ્વાસ મ્હારો શું નથી ? લ્યો તમ ગળે મમ હાથ છે,
લ્યો! છે હવે! ખાધું ન હો! તો સમ તમારા નાથ છે."
સમ ખાઇ ખોટા પિંગળા કર કંઠ મુકવા જ્યાં ગઇ,
બે આંખ રાતી ચોળ રાજા ભરથરીની ત્યાં થઇ,
છટકાવી દીધો હાથ છોડયું અમરફળ રૂમાલથી,
"ખાધું પછી આ તેજ ! મા'રી પાસ આવ્યું કયાં થકી ?"
નિર્ખી અમરફળ પિંગળા ! ક્ષણ તે પ્રતિ ટીકી રહી;
પણ પાપ, નિજનું ઢાંકવા બીજી પળે સાવધ થઇ.
"વ્હાલા પ્રતિતિ ! જોઇએ તો આ પડેલી કટાર છે,
પૂછી જુઓ આ દાસીને પ્રત્યક્ષ એ જોનાર છે."

દાસી પ્રતિ નિર્ખી મિંચી છે આંખ રાણીએ જરા !
પણ જીવ વ્હાલો સર્વને ! કો'ને નહિ કોં તો ખરા !
ફૂટી પડી દાસી "મ્હને કયારે બતાવ્યું બાઇજી ?
જાણું નહિ હું વાત....આ....શું અમરફળ કે'વાયજી?"

"હાં...રે ! અરે...હાં....હું....ભુલી...તું તો બરોબર નહિ હતી,
મમ સ્નાન–જળ તૈયાર કરવા! તે સમય તું ગઈ હતી."
"ન્હાયા વિના શું ખાધું તો?" "ના....ના...બળ્યું ભૂલી ગઇ,
એ તો ગઇ'તી યાદ આવ્યું....કયાં? બરાબર....હા....!નહિ."

પોતાની મેળે પિંગળા પોતે જુઓ ખોટી ,પડી,
જુઠું ન જન્મારો ટકે બહુ બહુ ટકે તો બે ઘડી,
"શાનો વિચાર કરે ? સકળ કાયા અરે ? કયમ કંપતી ?
વાચા તુટે છે બોલતાં....ઠેકાણું વદવામાં નથી."

"ના....ના...અમરફળ નાથ એ'વા તો હજારોયે હશે,
કાલે વળી કો લાવશે....શું વ્હેમ કરવો ફાવશે ?
વ્હાલા ! તમારા વિણ બધા ! તે ભાઇ બાપ સમાન છે,
આઠે પ્રહર અંતર વિષે કેવળ તમારૂં ધ્યાન છે."

"કમજાત ! દુષ્ટા ! પાપિણી ! અટકાવ ત્હારૂં બોલવું,
આગળ વધુ ઉચ્ચાર ના ! તું રાખ મ્હોડું ખોલવું.
આ પાપ ઉજવળ પિંગળા ! ઢાંકયું ન ઢંકાશે હવે,
તુજ બોલની કિંમત ન કોડી એક અંકાશે હવે."

"મ્હારા થકી ! પાપિષ્ઠ ! ત્હેં એ અશ્વપાલ વધુ ગણ્યો,
અફસોસ ! સઘળું હું ભણ્યો ! પણ સ્ત્રી–ચરિત્ર નહિ ભણ્યો.
પૂરો ભરાઇ કુંભ તા'રા પાપનો ફૂટી ગયો.
ઐશ્વર્ય, સુખ ને આબરૂ ઓ ! કામ ! તું લૂંટી ગયો."

"એ'વું કર્યું છે કામ કે પાણી વિષે ડૂબી મરો,
ભારે મરે છે પૃથ્વી ભાર મરી તમે ઓછો કરો.
પારસમણી ધાર્યો હતો ! ન્હોતી ખબર પત્થર હશે,
કયાંથી ખબર આ સ્નેહ સત્યાનાશમાં પલટઈ જશે."

"ધિક્કાર ત્હારી માતને...ધિક્કાર ત્હારા તાતને,
ધિક્કાર ત્હારી જાતને...ધિક્કાર ત્હારા નાથને.
ધિક્કાર આ કૂ–વાતને...ધિક્કાર ત્હારા સાથને,
ધિક્કાર ત્હારી ભાતને...ધિક્કાર તુજ સંગાથને."

"ઓ ! ઓ ! કલંકિત કામિની ! ત્હેં કમળમુખ કાળું કર્યું,
મુજ તુજ ઉભયના કૂળમાં કામાંધ ! અજવાળું કર્યું.
બોળ્યું પિતાના નામને, લજવી જનેતા કૂખને,
જા....જા....જતી રે'....દૂર....થા....તુજ બાળ કાળા મૂખને."

"પત્થર પડી માતુ—ઉદરમાં....કૂળમાં અંગાર છે,
હોળી જગાવી હાય ! હૈયામાં ! શતઃ ધિક્કાર છે.
રે ! ભાઇ ! જેવો ! ભાઇ વિક્રમ ! ત્હેં કં'ડાવ્યો દૂર ! હા !
નિર્દોષ ને દોષિત ઠરાવ્યો....નાર ! ઓછી કૂર ના !"

"વીરા ગુમાવ્યો સાથથી....શોધ્યો ફરી મળશે નહિ,
હીરો ગુમાવ્યો હાથથી....મોંઘો, હવે વળશે નહિ.
તુજ પ્રેમમાં લપટાવીને ત્હેં આંધળો છેકજ કર્યો,
દુષ્કૃત્ય–દીપકથી ફરીથી દેખતો પણ ત્હેં કર્યો."

"જ્યાં જ્યાં નજર નાખું....ભર્યો ત્યાં પાપનો ભંડાર છે,
કો'ના સગાવ્હાલાં વિચારો ! નાર ને ભરથાર છે ?
સાચા હૃદયનો સ્નેહ ના ! દેખાવનો સૌ પ્યાર છે,
નવનિત નથી સંસારમાં....નિઃસાર માયાગાર છે."

"વિશ્વાસ! વામાના વચન ને વ્હાલપર કરશો નહિ,
પ્રેમે થઈ પૂરી પરીક્ષા વિણ પગ ભરશો નહિ.
આ જીન્દગી ઝે'રી બનાવે...મૂળ આંખો માનજો,
સૌન્દર્ય પર દોડી જતી સંયમ વિષે એ રાખજો."

"સંસારમાં રે'વું નથી, સંન્યાસ લેવો સર્વથા,
ચાખી મઝા' આ પ્રેમની ! એ પ્રેમની ચાખું મઝા."
પોશાક સર્વ ઉતારીને ભગવાં તને રાયે ધર્યાં,
અંગે ભભૂત લગાવીને વનમાં જવા પગલાં ભર્યાં.

ત્યાં તો પછાડી પિંગળા ! દોડી અને ચર્ણે પડી,
ભિંજવી દીધાં પગ રાયના કંથા ગ્રહી ભગવી રડી.
"દુર્ભાગિની યાચે દયા ! અપરાધિની હું નાથ છું,
ભૂલ્યાં મદનમાં ભલભલાં ! તો કોણ અબળા જાત હું ?"

" આ વાર જાવા દયો હવે ! હતભાગિની પગ નહિ ભરે !
ભગવાન પણ મ્હેલી વખતની ભૂલ માફ પતિ ! કરે. "
પણ વેણુ આ અફળાઇ ભિંતે ને નિરર્થક સૌ થયાં,
ભગવા ધર્યાં તે ! એ ધર્યાં ! આજે ગયાં ! તે હા ! ગયાં.

રણવાસમાં રાણી રડે ત્રણુસો અને સાઠે તજી,
દરબારમા સંન્યાસી વેશે ભરથરી આવ્યા પછી.
રોતાં સભાજનને નગરજન રાયને વિંટી વળ્યાં,
રાજેન્દ્રને રોતાં કકળતાં ! સર્વ છેવટના મળ્યાં.

આજ્ઞાકરી રાજેન્દ્રએ શાણા સુમન્ત પ્રધાનને,
" વિક્રમ મળે ના ત્યાં સુધી ચલવો બરાબર રાજને.
શોધી તમે એ વીરને વાકેફ કરજો (આ) વાતથી,
કે'જો કર્યો છે મુકત મ્હોટાભાઇએ ! અપરાધથી, "
" એ નિષ્કલંકિત વીરને આ રાજ્ય સ્નેહે સોંપજો,
કલ્યાણ ! હા ! કલ્યાણ ! હા ! કલ્યાણ સર્વેનું હજો. "

* * * * *

રોતાં તજીને રાજવી જંગલ વિષે ચાલ્યાં ગયાં,
ગુરુદેવ ગોરખનાથ ને મચ્છેન્દ્રના દર્શન થયાં. "

" દિક્ષા મ્હને આપો પ્રભુ !" રાજા કહી ચરણે પડયો,
હુ કોણ ? કયાંથી આવવું ?" વિસ્તારી હાલ બધો કહ્યો.
બોલ્યા ગુરૂ મચ્છેન્દ્રઃ-" બેટા ! બાત તેરી ઠીક હૈ,
લેકિન પીછે તુમ લૌટ જાઓ યેહી મેરી શીખ હૈ. "

,,યહ યોગકા અભ્યાસ ઔર સમાધિ બ્હોત કઠીન હૈ,
ખાના પિના ફલ-મૂલ-જલ યહ પહનવા કૌપીન હૈ.
ઉપબાસ ભી કરનેં પડે.....અરૂ બૈઠના તડકે શિલે,
દુઃખ હૈ ઇધર છોટે બડે ખાના મિલે કભી ના મિલે,

"ઋષિરાજ વેઠું સર્વ એ ચાહે પરીક્ષા તે કરો,
દિક્ષા પછી દેજો પ્રથમ સંશય તમારો જે હરો.
અચ્છા તભી જા કર પુકારો રાનીકો મૈયા તુમ્હી,
અરૂ માંગ કર ભિક્ષા ઇધર આના પિછે, બૈઠે હમી."

લઇ એક ચેલો સાથ, યોગી-વેશમાં એ! ને ગયો,
જઈ પિંગળા-મહેલે પ્રથમ પોકાર **મૈયાનો**" કર્યો.
બેઠી હતી એ બારીએ! નિજ નાથ! જોયાં રાણીએ!
જળ-બુન્દ લોચન કમળથી ટપકી રહ્યાં, આવી નીચે.

યોગેન્દ્ર ભર્તૃહરિઃ-(ભિક્ષા દેને મૈયા પિંગળા! રાહ)

પિંગળાઃ-ધિક્કર્ ! યુવા ધિક્કર્ ! મૂજને...ધિક્કર્ ! કામ વિકારજી,
જેણે રે! ભુલાવી મ્હને સત્યથી, મૂકી પાપ વિચારજી.
ભેખ રે! ઉતારો રાજા ભરથરી.

ક્ષમા રે! કરો રાજા રંક હું...નારી અજ્ઞાન જાતજી,
સાથે રહીને સુધારો મ્હને.. લજવ્યાં માત ને તાતજી-ભેખરે

ભર્તૃહરિઃ-કપટી પાપી રાણી પિંગળા! બોલે આ શું વચનજી.
રાજ રે તજ્યું ત્હારે કારણે...જો વિચારીને મનજી-ભિક્ષા

તું રે ખોટી, ખોટું રાજ ને...ખોટો સારો સંસારજી,
અલખ જગાવું વને એકલો...જેથી પામું ઉદ્ધારજી–ભિક્ષા.

પિંગળાઃ–શે'તો રાજાજી રસોઇ કરૂં...જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીર રે નીપજાવું ક્ષણુ એકમાં...જમીએ આપણુ સાથજી–ભેખરે.
મઢુલી રચાવું રંગમ્હેલમાં...ને એકાન્ત અવાસજી,
ભાવે ભજો ભગવાનને...સાથે ભોગ વિલાસજી–ભેખરે.

ભર્તૃહરિઃ–મઢુલી કે'વી ને કે'વા મ્હેલ હા! ભોજન ભોગ વિલાસજી,
રામ મળે જો રંગમ્હેલમાં...કોણુ...લે...સંન્યાસજી–ભિક્ષા.
વાસી જંગલના જોગી અમે...ફરતા ફરતી વાસજી,
આજે અહીં ને કાલે કયાં વળી...નહિ ઠેકાણું ખાસજી–ભિક્ષા.

પિંગળાઃ–ભભુતી ચોળી ને ભગવા ધરૂં કો'તો પ્રાણાધારજી,
જોગણુ રૂપે રે! સાથે ફરૂં, નવ તરછોડો નારજી–ભેખરે.
ભગવાં દેખી રાજા ભરથરી...દાવાનળ દિલ થાયજી,
મૈયા કહો ન મા'રા કંથજી...લાગે અંગમાં લ્હાયજી–ભેખરે.

ભર્તૃહરિઃ–વધુરે! બોલાવે શું મા! પિંગળા! કીધા કર્મ સંભારજી,
ભાઇ રે! જેવા મ્હારા ભાઇને! કરાવ્યો દેશપારજી.

હવે...રે...રાજને મૈયા શું કરૂં ?

સુરજ સમો રે! નિષ્કલંકીત...લઘુ વિક્રમ વિરજી...
કાળું રે! કલંક પાપી પિંગળા...ઢોળ્યું ત્હેને ત્હેં શિરજી–ભિક્ષા

પિંગળાઃ–વાંકી રે ! વિધાતા મ્હને ભૂલવી...લખ્યા લેખ લલાટજી,
આ'નુ રે પાયશ્ચિત હું રે ? શું કરૂં ? માર્ગ આપો
પૃથ્વિ માતજી—ભેખરે...

ભર્તૃહરિ–કર્મે લખેલું ત્યારે ભોગવો...કો'ને દઇએ દોષજી,
કેશવ કરે તે સૌ સારૂં કરે...મન વાળીએ સંતોષજી–ભિક્ષા.

પિંગળા–ત્રણુસો ને સાઠ નારી આપની...બીજી માલવરાજજી.
એકને કારણુ તેને નવ તજો...પાપી પિંગળાને કાજજી–ભેખરે

ભતૃહરિ–નૌકા ઝીલે રે ! રાણી પાણીમાં...સાત માનવ ભારજી,
વધુ રે ! બેસે એક ને બુડે...લાગે વાર ન લગારજી,
દોષ રે ! કો'ને તેમાં પિંગળા ?...

દેતી હોય તો ભિક્ષા દે મ્હને...નહિ તો કરૂં ગૃહ ત્યાગજી,
ગુરૂજી ભરાશે રોષે માહરા...ચાલી જાય જમાતજી–ભિક્ષા.
મોહ છોડી દે મૈયા પિંગળા ! હવે કર સતસંગજી,
સગું રે ! નથી કોઇ કોઇનું...આ સંસાર પતંગજી–ભિક્ષા.
ગંગા તટે તે રાણી ઘર કરો...ન્હાવો નીરમળ નિરજી,
પ્રેમને વાળો પ્રભુમાં બધો...ત્યાગો અમુલખ ચીરજી–ભિક્ષા.
ભભુતિ ચોળીને ! ઝોળી ભેરવો...કરો કાયા કલ્યાણુજી,
ચિતને પરોવો પરમાત્મમાં...મળે મોક્ષ ! નિર્વાણુજી–ભિક્ષા.

વિષના પ્યાલાં પીધાં પ્રીતિનાં...રાણી રહી સંસારજી,
હવે પી જુઓરે **પ્રભુ—પ્રેમના**...અમીરસથી ઉદ્ધારજી–ભિક્ષા.
(ભર્તૃહરી નાટકમાંથી ફેરફાર સાથે.)

*   *   *   *

[હરિગીત.]

ભિક્ષા લઇ રાજેન્દ્ર રાણી પિંગળાને મ્હેલથી,
ચાલ્યો બીજીને મ્હેલથી ભિક્ષા લઇ મુશ્કેલથી.
આવાસ ચંદ્રકળા તણે યોગેન્દ્ર જ્યાં આવી રહ્યા,
"**ભિક્ષા દીયો મૈયા**" પુનઃ પોકાર એના એ થયા.

ભર્તૃહરિઃ— ભિક્ષા દેને મૈયા યોગીને.

સાર રે ! જોયો નહિ સંસારમાં...ખોટાં ખલકના ખેલજી,
માયા ને મોહોના બધાં મ્હેલ આ...બંધનકર્તા જેલજી;
નાખે જીવોને મોહપાશમાં...

ચંદ્રકળાઃ–પાણી રે ! ગ્રહણ રાય કર્યા પછી...દગો દેવો ન નાથજી,
હજુ તો શૃંગાર, બાળા વેશમાં, લગ્ન-કંકણ હાથજી–ભેખ રે.
પગલું ભર્યું મ્હેં નથી પ્રેમમાં, જોયો નહિ શું સંસારજી ?
છેક નમેરા થવું ના ઘટે ! આંખે આંસુની ધારજી–ભેખ રે.
પ્રેમનું પગથીઉં નથી ચ'ડી ત્યાં તો છોડી ન જાવજી,
જન્મારો કેમ જશે બધો ? દયાહીન ન થાવજી–ભેખ રે.

ભર્તૃહરિઃ-હું રે ! હવે યોગી અરણ્યનો, મૈયા બ્હેન બધી નારજી.
પાણી મ્હેં ગ્રહણ પ્રભુથી કર્યું ! મુખે ૐ ઉચ્ચારજી-ભિક્ષા.
માયા રે ! સાચી નવ માન તું, ઝેરી સંસારી લ્હાણુજી,
પ્રીતિરે જગતની પિત્તળ ગણો,સાચો ઇશ્વરી-પ્રેમ પ્રમાણુજી-ભિક્ષા.
સાથે રે ! રહ્યાં, લલાટે લખ્યાં, પૂરા પૂર્વ-સંબંધજી,
પંખી રે ! મેળો ઉડે ને મળે, કાયા કાચો છે પિંડજી-ભિક્ષા.

(છેવટે હારી રાણી ચંદ્રકળા ભિક્ષા આપે છે. ત્યાંજ માતૃહીન પુત્રી કૃષ્ણાકુમારી આવી પિતાને બાઝી પડે છે.)

કૃષ્ણા-બાપૂ ! થોભો ! મ્હારી પણ આટલી ભિક્ષા લેતા જાવ.

(લોટ આપે છે.)

—ગાયન—

કૃષ્ણા—પિતાજી ! આ કોપ તમે શો કર્યો ?
જોગી વેશ બાપુ ! શીદને ધર્યો ?
મરી ગઇ છે માત, વળી જાઓ તાત,
પિતા ઓથ કોની છે ? ઓરમાન માત.
લડાવશે લાડ પછી મ્હને કોણ ?
પ્યારી પુત્રી ! આવો બા ! કહેશેજ કોણ ?
કુંવરી હું તો છું તમારી સુતા,
વરાવી હજુ ક્યાં ? વિચારો પિતા.

અસાર સંસાર! તમે છો આધાર,
પિતાજી જીવું સંભારી તમ પ્યાર.
નબાપી કરી બાપ! જાશો નહિ,
પિતા પાછળ નહી જીવું હું તો સહી.
ભર્તૃહરિ–બેટા કૃષ્ણા મ્હારી ન દીલગીર થા,
પ્યારી પુત્રી મ્હેલે...તું જા મ્હારી બા!
હવે કૃષ્ણા! મુજને ન જાણ તા'રો બાપ,
જોગી જાણી હવે તું તજી દે વિલાપ,
અશાશ્વત આ દેહ અમંગળ અતિ,
તજી મોહ ભજજે તું ઉમીયાપતિ,
એ છે મા'રી શીખ સુતા દીલે આણ,
બીજી વાતો જગતની મિથ્યા પ્રમાણ.
(ભર્તૃહરિ–નાટક)

[હરિગીત.]

રડતી તજી કૃષ્ણા સુતા! રાજેન્દ્ર એ ચાલ્યો ગયો,
માલવપતિ ભર્તૃહરિ રાજા ટળી યોગી થયો.
એ માળવાનો ભાગ્ય–ભાનુ આજ હા! ચાલ્યો ગયો,
રે! **માળવાના** ભાગ્યનો સૂર્યાસ્ત જાણે, ના થયો?
દિક્ષા લઈ ગુરુદેવ પાસે **રાજયોગી** એ થયો,
ખાધું **અમરફળ** જે થકી અદ્યાપિ એ જીવતો રહ્યો.
યોગેન્દ્રના સદ્દબોધથી સુધરી ગઇ એ પિંગળા,
સાધુ જીવન ગાળી પછી સ્વર્ગે સિધાવી પિંગળા.

વિક્રમ મળી આવ્યો ! સચીવે વાત તે'ને સૌ કહી,
સદ્‌ન્યાયપૂર્વક માળવાની ગાદી તેણે ભોગવી.
રાજેન્દ્ર એ ભર્તૃહરિ ! યોગેન્દ્ર એ ભર્તૃહરિ !
ભોગી ગણો યોગી વિરાગી રાગી શ્રી ભતૃહરિ !
શૃંગાર, નીતિ, ન્યાયનાં શતકો લખ્યાં ભર્તૃહરિ,
વૈરાગ્યનો અંતિમ શતક રચનાર પણ ભર્તૃહરિ
કે'વાય છે આજે હજુએ અમર એ ભર્તૃહરિ,
વંદન ! નમન ! **માલવપતિ યોગેન્દ્ર ! રાજા ભરથરી !**


કરજોડી કોટી વંદનો ! કિરતાર તું રચનાર છે,
સર્વજ્ઞ તું ! અલ્પજ્ઞ બાળક ! "પુષ્પ" તો હથિયાર છે.
વંદન અનેકાનેક હો ! માલવપતિ રાજેન્દ્રને !
વંદન વિભુને ! વિશ્વને ! કંદર્પને ! યોગેન્દ્રને !

" કોઇ અમર થશો નહિ. "

(भर्तृहरि (

સમાપ્ત.

લાલનો એક્કો યાને વીર લુટ…



ડીટેકટીવ ટેનીના અદભુત પરાક્રમો

[illegible]

જરૂર અંગ્રેજી વાંચવા લાયક છે.

ફક્ત નવ આનાની ટીકીટ બીડો.

વેપારીઓને મોટો લાભ, અને ઉદાર શર્તો.